RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 267 Dt. 19-1-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# કેજરીવાલ પર ચૂંટણી ટાણે હુમલો

## આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજકના વાહન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તેમને કાળા ઝંડા બતાવવામાં આવ્યા

## પાર્ટીએ ભાજપ પર આરોપ લગાવતા કહ્યુ, આ કાયરતાપૂર્ણ હુમલાથી ડરતા નથી અને દિલ્હીની જનતા તેનો જવાબ આપશે



નવીદિલ્હી, તા. ૧૮

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ચૂંટણી પહેલા હુમલો કરવામાં આવ્યો છે. પાર્ટીએ એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો હતો કે કેજરીવાલના વાહન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તેમને કાળા ઝંડા બતાવવામાં આવ્યા હતા. અઅઙનો આરોપ છે કે ભાજપ હારથી ડરી ગઈ છે અને તેણે પોતાના સમર્થકોને કેજરીવાલ પર હુમલો કરવા માટે ભેગા કર્યા છે.

પાર્ટીનો આરોપ છે કે ભાજપના ઉમેદવાર પરવેશ વર્માના સમર્થકોએ ચૂંટણી પ્રચાર દરમિયાન કેજરીવાલ પર ઈંટો અને પથ્થરોથી હુમલો કરીને તેમને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો જેથી તેઓ પ્રચાર કરી શકે નહીં. આમ આદમી પાર્ટીએ કહ્યું કે કેજરીવાલ ભાજપના આ કાયરતાપૂર્ણ હુમલાથી ડરતા નથી અને દિલ્હીની જનતા તેનો જવાબ આપશે.

ભાજપે આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. નવી દિલ્હી વિધાનસભા સીટના બીજેપી ઉમેદવાર પ્રવેશ વર્માએ આરોપ લગાવ્યો કે અરવિંદ કેજરીવાલની કાળી કાર તેમના કાર્યકરો પર દોડી ગઈ, જેના કારણે એક કાર્યકરનો પગ તૂટી ગયો. વર્માએ કહ્યું કે તેઓ ઘાયલ કાર્યકરને જોવા માટે લેડી હાર્ડિન્જ હોસ્પિટલ જઈ રહ્યા છે.

કેજરીવાલ પર નિશાન સાધતા વર્માએ કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં દિલ્હી સરકારે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે અને દિલ્હીને બરબાદ કરી છે. તેમણે દિલ્હીના લોકોને શહેરને બચાવવા અપીલ કરી હતી કારણ કે યમુના નદી હવે ગંદા નાળામાં ફેરવાઈ ગઈ છે, આ દરમિયાન દિલ્હી પોલીસે કહ્યું કે કેજરીવાલ પર કોઈ હુમલો થયો નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, લાલ બહાદુર સદનમાં કેજરીવાલની જાહેર સભા દરમિયાન ભાજપના કેટલાક કાર્યકરો પ્રશ્નો પૂછવા આવ્યા હતા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે નારાબાજી થઈ હતી, જે બાદ પોલીસે સ્થિતિને કાબુમાં લીધી હતી અને બંને પક્ષના લોકોને હટાવ્યા હતા.

અઅઙએ વધુમાં આરોપ લગાવ્યો કે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સાહિબ સિંહ વર્માના પુત્ર ભાજપના પ્રવેશ વર્માએ તેમના સમર્થકોને અઅઙ નેતા પર હુમલો કરવા માટે ભેગા કર્યા જેથી તેઓ પ્રચાર ન કરી શકે. તેમણે કહ્યું કે દિલ્હીની જનતા આનો જડબાતોડ જવાબ આપશે. ભાજપના ઉમેદવાર પરવેશ વર્માના ગુંડાઓએ અરવિંદ કેજરીવાલ પર પથ્થરમારો કર્યો જેથી તેઓ પ્રચાર કરી શકે નહીં. સાંભળો બીજેપી, અરવિંદ કેજરીવાલ તમારા કાયર હુમલાથી પીછેહઠ કરવાના નથી.

દિલ્હીની જનતા તમને જડબાતોડ જવાબ આપશે. જો તમારામાં અરવિંદ કેજરીવાલના કામ સામે લડવાની હિંમત નથી, તો તમે તમારા ગુંડાઓ તેમના પર હુમલો કરવા માટે આવ્યા છો.

ભાજપ જે કરી રહ્યું છે તેનાથી ખરાબ અને નીચલા સ્તરની રાજનીતિ કોઈ હોઈ શકે નહીં. શ્રી સિસોદિયાએ કહ્યું, ''ભાજપે સમજવું જોઈએ કે જનતા હવે તમને આ ઈંટનો જડબાતોડ જવાબ આપશે.'' એક વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે કાળી એસયુવી બંને બાજુથી સુરક્ષાકર્મીઓ દ્વારા ઘેરાયેલી છે અને કેટલાક વિરોધીઓ કારનો રસ્તો રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

વીડિયોમાં એક છેડેથી એક મોટો પથ્થર ઉડતો દેખાઈ રહ્યો છે અને કારની છત સાથે અથડાઈ રહ્યો છે જેમાં કેજરીવાલ બેઠા છે અને નીચે પડી રહ્યા છે.

# સંવિધાનની વિચારધારા દરેક સુધી પહોંચે તે જરૂરી : રાહુલ

## દેશ માટે બંધારણ એ માત્ર એક પુસ્તક નથી પરંતુ હજારો વર્ષોની વિચારસરણી છે

નવીદિલ્હી, તા. ૧૮

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી શનિવારે બિહારના પ્રવાસે છે. કોંગ્રેસના નેતાઓ પટનાના બાપુ ઓડિટોરિયમમાં સંવિધાન સુરક્ષા સંમેલનમાં પહોંચ્યા છે. આ દરમિયાન રાહુલ ગાંધી સાથે માઉન્ટેન મેન દશરથ માંઝી અને તેમના પુત્ર ભગીરથ માંઝી પણ સ્ટેજ પર જોવા મળ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે આરએસએસના વડા મોહન ભાગવત કહી રહ્યા છે કે જો ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતને આઝાદી ન મળી તો તેઓ ભારતના બંધારણને નકારી રહ્યા છે. આરએસએસના વડા મોહન ભાગવત ભારતની દરેક સંસ્થામાંથી ડો. બી.આર. આંબેડકર, ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધીની વિચારધારાને ભૂંસી રહ્યા છે.

ભારતીય સંવિધાનને લઈને ચાલી રહેલા આ કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ કહ્યું કે આપણું બંધારણ દરેક ખૂણામાં પહોંચી ગયું છે. આપણા માટે બંધારણ એ માત્ર એક પુસ્તક નથી પરંતુ હજારો વર્ષોની વિચારસરણી છે, ભારતની વિચારસરણી છે. દરેક રાજ્યના મહાપુરુષોનો અવાજ આ બંધારણમાં છે. દેશમાં દલિતોનો અવાજ દબાવવામાં આવ્યો છે, પરંતુ દેશના બંધારણમાં લાખો-કરોડો લોકોનો અવાજ છે. બંધારણે લોકોની પીડા પૂરી રીતે ઓછી કરી નથી, પણ થોડી ઓછી કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે તેઓ આ કાર્યક્રમ માટે આવી રહ્યા હતા ત્યારે તેમણે ગંગા નદી તરફ જોયું અને કહ્યું કે તેનું પાણી દરેક જગ્યાએ છે. જેમ ગંગાનું પાણી બધે જાય છે તેમ બંધારણની વિચારસરણી દરેક વ્યક્તિ અને સંસ્થાની અંદર ગંગાના પાણીની જેમ જવી



જોઈએ. કોંગ્રેસ નેતાએ કહ્યું કે તેઓ બંધારણને ફેંકી દેવા માગે છે, પરંતુ ભારતની જનતાએ કહ્યું કે જો તમે તેને ટોચ પર નહીં રાખો તો જનતા તમને ફેંકી દેશે, પછી મોદી આવ્યા અને ચૂંટણી પછી ઝૂકી ગયા દૂર આજના ભારતમાં સાંસદ પાસે સત્તા નથી. હું ભાજપના એક દલિત સાંસદને મળ્યો, તે કહે છે કે અમને અહીં પાંજરામાં બંધ રાખવામાં આવ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે પ્રથમ પગલું જાતિની વસ્તી ગણતરી કરવી જોઈએ. નકલી વસ્તી ગણતરી નથી.

જાતિની વસ્તી ગણતરીના આધારે નીતિ બનાવવી જોઈએ. કામદારોને વળતર મળતું નથી. જાતિની વસ્તી ગણતરીમાં કેટલી વસ્તી અને કેટલી ભાગીદારી છે તે જાણવા મળશે. જાતિ ગણતરી વિના વિકાસની વાત થઈ શકે નહીં. ભલે ગમે તે થાય, કોંગ્રેસ પાર્ટી આ લોકસભામાં જાતિની વસ્તી ગણતરી કરશે. લડાઈ બંધારણ અને મનુવાદ વચ્ચે છે. મને કેટલું નુકસાન થાય તેની મને પરવા નથી, હું આ કામ ચોક્કસ કરીશ.

# બજેટ કાઉન્ટ-ડાઉન : ટેક્નોલોજીથી ફાઈનાન્સ ક્ષેત્રે અનેક અપેક્ષાઓ

## એનડીએ સરકારના સતત કાર્યકાળમાં છ વાર્ષિક અને બે વચગાળાના બજેટ રજૂ કર્યા છે નિર્મલા સીતારામન

નવીદિલ્હી, તા. ૧૮

સામાન્ય કરદાતાઓથી લઈને ટેક્નોલોજી, હેલ્થકેર, ઈન્સ્યોરન્સ અને ફાઈનાન્સ સેક્ટર સુધીના તમામ હિતધારકોને ફેબ્રુઆરીમાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણના આઠમા બજેટ ભાષણ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. નોંધનીય છે કે તેમણે બજેટ ૨૦૨૫-૨૬ પર કામ શરૂ કરતા પહેલા ૬ જાન્યુઆરીએ વિવિધ હિતધારકો, યુનિયનો અને અન્ય પ્રતિનિધિઓ સાથે પ્રી-બજેટ પરામર્શ પૂર્ણ કરી છે. સંસદના બજેટ સત્રનો પ્રથમ ભાગ ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે. સત્રનો બીજો ભાગ ૧૦ માર્ચથી શરૂ થશે અને ૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે. આગામી મહિને યોજાનારી સીતારામનના આઠમા બજેટ ભાષણમાં, ઉદ્યોગ આવકવેરા મુક્તિ, GST તર્કસંગત, ઉદ્યોગ-વિશિષ્ટ નીતિઓ અને અર્થતંત્રને પુનર્જીવિત કરવા અને ઉપભોક્તા સેન્ટિમેન્ટ્સને વેગ આપવાના હેતુથી કેટલીક મુખ્ય ઘોષણાઓની અપેક્ષા રાખે છે. મોદી ૩.૦માં સીતારમણનું આ બીજું પૂર્ણ બજેટ હશે અને સંસદમાં તેમનું આઠમું બજેટ રજૂ થશે. તેમણે એનડીએ સરકારના સતત કાર્યકાળમાં છ વાર્ષિક અને બે વચગાળાના બજેટ રજૂ કર્યા છે.

પાછલા વર્ષોની પરંપરા મુજબ, નાણા પ્રધાન ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧ વાગ્યે સંસદમાં તેમનું બજેટ ભાષણ આપે તેવી અપેક્ષા છે. જો કે, નાણા મંત્રાલય તરફથી હજુ સુધી તારીખ અંગે કોઈ સત્તાવાર નિવેદન અથવા પુષ્ટિ નથી.

બજારો વિશે વાત કરીએ તો, સત્તાવાર પરિપત્રો મુજબ, કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ને કારણે શનિવાર હોવા છતાં, BSE અને ગજ્જીઊ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ખુલ્લા રહેશે. એક પરિપત્રમાં, એક્સચેન્જોએ જણાવ્યું હતું કે ''કેન્દ્રીય બજેટની રજૂઆતને કારણે, એક્સચેન્જ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ લાઇવ ટ્રેડિંગ સત્ર યોજશે.'' સામાન્ય રીતે ભારતીય શેરબજાર શનિવાર અને રવિવારે બંધ રહે છે. કાયદામાં સુધારો કરવા માટે જવાબદાર એક સમિતિ વિચારણા કરી રહી છે કે શું ૬૩ વર્ષ જૂના ઈન્કમટેક્સ એક્ટને બે કે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે. જ્યારે સરકારે શરૂઆતમાં જાહેર પ્રતિસાદ માટે કાયદાનો મુસદ્દો બહાર પાડવાનું આયોજન કર્યું હતું, ત્યારે હવે જટિલ ટેક્સ કાયદાઓની ટીકા વચ્ચે વધુ અડગ અભિગમ અપનાવવાનું નક્કી કર્યું છે. બિલને પ્રથમ રજૂ કરવામાં આવશે, જે અંતિમ સ્વરૂપ આપતા પહેલા કરદાતાઓ અને નિષ્ણાતોના ઈનપુટના આધારે ગોઠવણોને મંજૂરી આપશે.

સૂચિત કાયદો એક સંપૂર્ણપણે નવું માળખું હશે, જે ફક્ત હાલના કાયદામાં સુધારો કરવાના વિરોધમાં છે. ''નવો આવકવેરા કાયદો સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે. તે નવો કાયદો હશે અને હાલના કાયદામાં સુધારો નહીં કરે. હાલમાં, કાયદા મંત્રાલય દ્વારા ડ્રાફ્ટ કાયદાની તપાસ કરવામાં આવી રહી છે અને તેને રજૂ કરવામાં આવશે. બજેટ સત્રના બીજા ભાગમાં સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, એક સૂત્રએ જણાવ્યું હતું.

# જંત્રીદર સામે ૭,૨૦૦ વાંધા અરજી

## જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ તમામ અરજીઓની સમીક્ષા કરીને રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કરશે. : અરજી કરવાનો છેલ્લો દિવસ ૨૦ જાન્યુઆરી

અમદાવાદ, તા. ૧૮

સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ જંત્રીને લઈને ઘણા ખરા વિરોધ ઉઠી રહ્યા છે ત્યારે સરકારે આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે નવી જંત્રીનો દર લાગુ થાય તે પહેલા વાંધા સૂચનો રજૂ કરવામાં આવે જેને લઇને જે સમય અવધિ આપવામાં આવી હતી તે ઘણી ખરી ઓછી હતી છતાં પણ હાલ જે વિગતો સામે આવી રહી છે તેમાં ઓફલાઈન અને ઓનલાઇન મળીને કુલ ૭,૨૦૦ વાંધા અરજીઓ જંત્રીદારને લઈને આવી હોવાનું હાલ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે હવે સરકાર આ બાબતે શું નિર્ણય લેશે તે જોવાનું રહ્યું જો ખરા અર્થમાં આમાં કોઈ નક્કર પગલા લેવામાં નહીં આવે તો એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે રીયલ એસ્ટેટ ઉદ્યોગ સંપૂર્ણ પડી ભાંગશે. કારણકે અત્યારે પણ આ ઉદ્યોગ ઘણી તકલીફો વેઠી રહ્યું છે ત્યારે જો યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો આ ક્ષેત્રને બેઠું થવા ઘણી તકલીફોનો સામનો કરવો પડશે.

૧૫મી એપ્રિલથી ૨૦૨૩થી જંત્રીના દરો અમલી બનાવ્યા છે તેમા જ બમણો વધારો કરાયો છે. ત્યારે સુધારેલા દરોથી હાલત વધારે કફોડી બની જશે. સરકારના હાલ સુધારેલા સૂચિત દરોથી રિયલ એસ્ટેટ સેક્ટરને બ્રેક લાગી જશે. મકાનોની કિંમતમાં તોતિંગ વધારો થશે. એકસાથે જંત્રીમાં આટલો વધારો કોઈ રીતે સ્વીકાર્ય ન હોઈ શકે.

આ વધારાથી રાજ્યભરના ૧૦ ટકા ડેવલપર્સ પ્રભાવિત થશે. ૯૦ ખેડૂતો પણ હાલાકીમાં મુકાઈ શકે છે. મકાનોની કિંમતોમાં ૩૦ થી ૪૦ ટકા મોંઘા થઈ શકે છે.

રાજકોટમાં સર્જાયેલા ગોઝારા TRP અગ્નિકાંડ



બાદ શહેરના રિયલ એસ્ટેટ માર્કેટને જાણે ગ્રહણ લાગી ગયુ હોય તેવો ઘાટ તો પહેલેથી જ જોવા મળી રહ્યો છે. તેમાં જંત્રીના સૂચિત ભાવ વધારાને પગલે પડ્યા પર પાટું જેવી સ્થિતિ છે.

રાજ્યમાં જંત્રીના ડ્રાફ્ટને લઈને મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં જંત્રી સામે ૭,૨૦૦થી વધુ વાંધા અરજી થઈ છે. રાજ્યભરમાં કેટલીક અરજીઓ ઓનલાઈન અને કેટલીક અરજીઓ ઓફલાઈન કરવામાં આવી છે.

આ સાથે જ કેટલાક વિસ્તારમાં જંત્રી વધારવા માટે પણ અરજી થઈ છે.

જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ હવે આ તમામ અરજીઓની સમીક્ષા કરશે. સમિતિ તમામ અરજીઓની સમીક્ષા કરીને રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કરશે. ત્યારબાદ જંત્રી દર બાબતે રાજ્ય સરકાર અંતિમ નિર્ણય કરશે. ઉલ્લેખનીય છે કે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ જંત્રી સામે વાંધા અરજી કરવાનો અંતિમ દિવસ છે.

૨ જાન્યુઆરીએ જ રાજ્ય સરકારે જંત્રી સુધારણા સમિતિની રચના કરી હતી. તમામ સમિતિમાં જિલ્લા કલેક્ટરોને સમિતિના અધ્યક્ષ નીમવામાં આવ્યા છે. મનપા, નપા, ઝઉઅ અને ગ્રામ્ય કક્ષાએ સમિતિની રચના કરવામાં આવી છે. કલેક્ટર સહિત સમિતિમાં મનપાના ૭, નપા, ઝઉઅના ૬ સભ્યો અને ગ્રામ્ય કક્ષાની સમિતિમાં કુલ ૫ સભ્યો રહેશે. જેમાં જંત્રી વિવાદ,જંત્રીની ક્ષતિઓ સહિતના વિષયો મુકવામાં આવ્યા છે. સમિતિએ ૧૫ દિવસમાં પોતાનો અભિપ્રાય આપવો પડશે અને ગુજરાત સ્ટેમ્પ ડ્યુટી કચેરીને અભિપ્રાય મોકલવો પડશે.

### એક યુવાનને પુષ્પાએ અને બીજાને સુષ્મિતાએ મેસેજ-ફોન કરી એવા લપેટ્યા કે બંને સરળતાથી છેતરાઇ ગયા

# ટાસ્ક-શેરમાં કમાણીની લાલચ બે યુવાનને ૧૧ કરોડમાં લઇ ડૂબી!

## એકને ૬૦.૮૮ લાખના રોકાણ સામે માત્ર ૧૧૩૫૦ ઉપાડવા દેવાયા, બીજાને ૬૦ લાખના વળતર સામે માત્ર રૂા. ૪૩૪ ઉપાડવા દીધાઃ પછી બંનેને ચૂનો લગાડી દેવાયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: દેશભરમાં રોજબરોજ સાયબર ફ્રોડની એક ભુલો ત્યાં બીજી હાજર એ રીતે ઘટનાઓ બનતી રહે છે અને લોકો ફ્રોડનો ભોગ બની લાખો કરોડો ગુમાવતાં રહે છે. લલચામણી ઓફરોમાં લપેટાઇ જતાં લોકોને જાગૃત બનવા સરકાર, સાયબર ક્રાઇમ પોલીસ રોજબરોજ ઢંઢોળે છે. આમ છતાં લોકો સમજતાં નથી અને પોતાની રકમ ગુમાવી બેસે છે. વધુ એક વખત આવા કિસ્સામાં બે લોકોએ એક કરોડ એકવીસ લાખ ગુમાવી દીધા છે. ટાસ્ક પુરા કરી તેમજ શેર બજારમાં રોકાણ કરી મોટુ વળતર મેળવવાની લાલચ આપીને જ્વેલરી મેન્યુફેક્ચરીંગ યુનિટ ધરાવતા યુવાન તેમજ જુના ફોન લે-વેંચના ધંધાર્થી યુવાન સાથે આ મસમોટુ ફ્રોડ થયું છે. બંનેએ સાયબર ક્રાઇમ પોલીસની મદદ લેતાં તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠીયાઓ શેર બજાર, ટાસ્ક સહિતની અલગ અલગ લાલચ આપી મોટી કમાણી કરવા લલચાવતા રહે છે. આ રીતે વધુ બે યુવાન છેતરાયા છે. ટાસ્ક પૂર્ણ કરી વળતર મેળવવાની અને શેર માર્કેટમાં સારુ વળતર મેળવવાની લાલચ આપી હતી - કતારગામમાં જવેલરી મેન્યુફેક્ચરીંગ યુનિટ ધરાવતા સિંગણપોરના યુવાન અને ભાગાતળાવ જનતા માર્કેટમાં જુના ફોન લે-વેચના ધંધાર્થી સાથે ઠગાઈ છે. ઘટના સુરતના કતારગામની છે. અહિ જવેલરી મેન્યુફેક્ચરીંગ યુનિટ ધરાવતા સિંગણપોરના યુવાને હોટલ રીવ્યુ ટાસ્ક પૂર્ણ કરી વળતર મેળવવાની લાલચમાં જયારે ભાગાતળાવ જનતા માર્કેટમાં જુના મોબાઈલ ફોન લે-વેચનું કામ કરતા કોઝવે રોડના વેપારીએ શેર માર્કેટમાં સારુ વળતર મેળવવાની લાલચમાં કુલ રૂ.૧.૨૧ કરોડ ગુમાવ્યાની બે ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાઈ છે.



વિશેષ વિગતો પર નજર કરીએ તો સાયબર ક્રાઈમ પોલીસ મથકનાએ જણાવ્યું હતું કે સિંગણપોર વિસ્તારમાં રહેતા ઓગણચાલીસ વર્ષીય કનૈયાભાઈ (નામ બદલ્યું છે) કતારગામ ખાતે જવેલરી મેન્યુફેક્ચરીંગ યુનિટ ધરાવે છે. તેમને અજાણ્યા વ્હોટ્સએપ નંબર ઉપરથી પુષ્પા ડીઆલીયાએ વાત કરી તેમને એક લીંક મોકલી ક્રિપ્ટો અંગેની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવી બાદમાં હોટલ રીવ્યુના ટાસ્કમાં ઘરે બેઠા કમાણી કરવાની લાલચ આપી હતી. તેના જણાવ્યા મુજબ વધુ વળતર મેળવવા માટે કનૈયાભાઈએ જુદાજુદા બેન્ક એકાઉન્ટમાં કુલ રૂ.૬૦,૮૮,૪૫૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. તેમાંથી કનૈયાભાઈને વળતર પેટે રૂ.૧૧,૩૫૦ ઉપાડવા દીધા હતા.જયારે બાકીના રૂ.૬૦,૭૭,૧૦૦ વિડ્રો કરવા નહીં દેતા પોતાની સાથે ઠગાઈ થયાની કનૈયાભાઈને જાણ થઈ હતી.આ અંગે તેમણે ગતરોજ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ઠગ ટોળકી વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે ફ્રોડના બીજા કિસ્સામાં સુરતના કોઝવે રોડ ખાતે રહેતા ૫૨ વર્ષીય યુનુસભાઈ (નામ બદલ્યું છે) ભાગાતળાવ જનતા માર્કેટમાં જુના મોબાઈલ ફોન લે-વેચનું કામ કરે છે. તેને કોઈકે વ્હોટ્સએપના બીટુ ગોલ્ડ સ્ટોક ટ્રેડીંગ ગ્રુપમાં એડ કર્યા હતા.

તેની એડમીન સુષ્મિતાએ તેમજ અન્ય એક મોબાઈલ નંબર પરથી વાત કરનાર જય ખતનાનીએ તેમને શેરમાર્કેટમાં અને આઈપીઓમાં રોકાણ કરવાથી સારુ વળતર મળશે તેમ કહી ધન ફાઈનાન્સ એપ ડાઉનલોડ કરાવી હતી. તેમાં તેમનું રજીસ્ટ્રેશન કરાવી વોલેટ બનાવ્યા બાદ તેમની પાસે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં કુલ રૂ.૬૦,૦૧,૦૦૦ નું રોકાણ કરાવ્યું હતું. તેમાંથી પ્રોફીટના માત્ર રૂ.૪૩૪ ઉપાડવા દઈ તેમણે બાકીના રૂ.૬૦,૦૦,૫૬૬ વિડ્રો કરવા નહીં દેતા પોતાની સાથે ઠગાઈ થયાની યુનુસભાઈને જાણ થઈ હતી.આ અંગે તેમણે ગતરોજ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ઠગ ટોળકી વિરુધ્ધ એફઆઈઆર દાખલ કરાવી હતી. બંને કિસ્સા વધુ એક વખત લોકોને લાલબત્તી દેખાડી રહ્યા છે. ચેતશો નહિ અને લાલચમાં લપેટાશો તો ચોક્કસ ફસાઇ જશો એ વાત વધુ એક વખત અહિ સાબિત થઇ છે.

# કુપોષણ નિવારણ અભિયાન અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ થશે શરૂ

## રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાથી થશે શુભારંભ : ૮૮૬ કુપોષિત બાળકોને ત્રણ મહિના સુધી દૂધ અને પ્રોટીન પાવડર અપાશે

રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લામાં કુપોષણ નિવારણ અભિયાન અંતર્ગત કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે નવતર પહેલના ભાગરૂપે આજથી લોધિકા ઘટકના ખાંભા ગામથી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાના હસ્તે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાશે.

રાજકોટ જિલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતેથી ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રાશન(બાલશક્તિ), ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને પુરક પોષણ આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે. લોધિકા તાલુકાના ૮૮૬ કુપોષિત બાળકોને ત્રણ મહિના માટે દરરોજ ૧૦૦ એમ.એલ અમુલ મોતી મિલ્ક સાથે ૧૦ ગ્રામ પ્રોટીન પાઉડર આંગણવાડી કેન્દ્ર પરથી આપવામાં આવશે. મંત્રીશ્રી ભાનુબેનના હસ્તે કુપોષિત બાળકોને અમુલ મોતી મિલ્ક અને સર્ટીફાઈડ પ્રોટીન પાઉડરનું મિશ્રણ પીવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં હાજર આંગણવાડીના બાળકોને સ્વેટરનું પણ વિતરણ કરવામાં આવશે. તમામ કુપોષિત બાળકો માટે રાજકોટ દૂધ ઉત્પાદક સંઘ દ્વારા અમુલ મોતી મિલ્કનો જથ્થો અને રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા સર્ટીફાઈડ પ્રોટીન પાઉડરનો જથ્થો ત્રણ માસ માટે વિનામૂલ્યે પૂરો પાડવામાં આવશે. તેમના આ પ્રદાન માટે તેમને મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

પ્રોજેક્ટના અમલીકરણ અને મોનીટરીંગની જવાબદારી આઈ.સી.ડી.એસ. શાખા આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી નિભાવશે.

જેમાં જિલ્લા કક્ષાએથી આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા આ પ્રોજેક્ટનું સઘન મોનીટરીંગ કરવામાં આવશે. જે અંતર્ગત એન.એન.એમ. સ્ટાફ, મુખ્ય સેવિકા, સીડીપીઓ તથા ટી.એચ.ઓ., આર.બી.એસ.કે., એમ.ઓ. દ્વારા કુપોષિત બાળકોની ગૃહ મુલાકાત કરી વાલીઓને બાળકની પોષણ સ્થિતિ વિષે સમજણ આપવામાં આવશે.

આર.બી.એસ.કે. ની ટીમ દ્વારા તમામ કુપોષિત બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવશે અને કુપોષિત બાળકોની અલગ ફાઈલ તૈયાર કરવામાં આવશે. આ બાળકનું પ્રથમ માસમાં દર અઠવાડિયે વજન-ઉંચાઈ, ભૂખ પરિક્ષણ કરવામાં આવશે, તેમજ ત્યારબાદ દર ૧૫ દિવસે વજન-ઉંચાઈ અને ભૂખ પરિક્ષણ કરવામાં આવશે. દરેક કુપોષિત બાળકોને ગાઈડલાઈન પ્રમાણે દવા અને સૂક્ષ્મ પોષક તત્વો મળે તે સુનિશ્વિત કરવામાં આવશે. તમામ કુપોષિત બાળકોનું ગાઈડલાઇન અને ઉંમર પ્રમાણે રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. તાલુકા હેલ્થ ઓફિસર (ઝઈઘ) સાથે સંકલનથી આરોગ્ય કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરને સ્ક્રીનીંગ પ્રક્રિયા, ભૂખ પરીક્ષણ અને કાઉન્સેલિંગ જેવા વિષયો પર ક્ષમતાવર્ધન કરશે. તેમજ જરૂર જણાયે અતિ ગંભીર કુપોષિત બાળકોને ઈખઝઈ/ગછ્ઈ માં દાખલ કરી સારવાર કરવામાં આવશે. આમ, કુપોષણ નિવારણ માટે પૂરતા પ્રયાસો હાથ ધરવા સમગ્ર વહીવટીતંત્ર કટિબદ્ધતાપૂર્વક કાર્ય કરશે.

# નવા વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા સહિત અનેક પ્રશ્નો યોજાઈ ફરિયાદ સંકલન

## લાભાર્થીઓને આવાસની ફાળવણીની પ્રક્રિયા ઝડપથી કરવા મુદ્દે હાથ ધરાઈ ચર્ચા



રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક ઈન્ચાર્જ જિલ્લા કલેકટર તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટના મેયર નયનાબહેન પેઢડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબહેન શાહ, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાએ જનહિતલક્ષી વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા.

આ મામલે વિવિધ વિભાગ દ્વારા થતી કામગીરી તેમજ આગામી સમયમાં થનારી કામગીરીની વિગતો રજૂ કરાઈ હતી. સમિતિ અધ્યક્ષ દ્વારા આ રજૂઆતો સંદર્ભે યોગ્ય કામગીરી ઝડપથી કરવા સુચના આપવામાં આવી હતી.

ઉપસ્થિત પદાધિકારીઓ દ્વારા અનાજ વિતરણ વ્યવસ્થા, નવા વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવાની સંભાવનાઓ, લાભાર્થીઓને આવાસની ફાળવણીની પ્રક્રિયા ઝડપથી કરવા સહિતના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જનકલ્યાણની ભાવના સાથે દરેક વિભાગના અધિકારીઓ આગોતરા આયોજન સાથે કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા નોંધણી સર નિરીક્ષક અધિકારી ડી.જે. વસાવા દ્વારા વિવિધ બાબતો પરની સ્ટેમ્પ ડ્યુટી અંગે સમજૂતી આપવામાં આવી હતી. ખૂટતી કે અધૂરી સ્ટેમ્પ ડ્યુટીવાળા દસ્તાવેજ માન્ય ન ગણાય, તે બાબત પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એ. કે. વસ્તાણી, રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ, ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમ, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન જી. વી. મિયાણી, નાયબ વન સંરક્ષક, નગર પાલિકાના પ્રાદેશિક કમિશનર કચેરીના અધિક કલેકટર ઈલાબહેન ચૌહાણ,જિલ્લાના પ્રાંત અધિકારીઓ, અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સોળ વર્ષની બાળાને ઈન્સ્ટાગ્રામથી પ્રેમ થયો, ઓગણીસ વર્ષના ઢગાએ વારંવાર દેહ પીંખ્યો, પછી ભાગી ગયો

# છાત્રા પ્રેમી થકી સગર્ભા બની, યુ-ટ્યુબ જોઇ ગર્ભપાત કર્યો!

## નવજાત મૃતને ખાડી વિસ્તારમાં ફેંકી દીધુંઃ પોલીસ તપાસ કરતી બાળાના ઘર સુધી પહોંચી ગઇઃ પેટ ફુલાયુ ત્યારે પરિવારે પુછતાં કહ્યું-ગેસ રહે છે એટલે આમ થયું છે! સગીરાને સગર્ભા કરનારો પ્રેમી ડિટેઇન



રાજકોટઃ ઇન્ટરનેટના યુગમાં બાળકો-બાળાઓ જલ્દી મોટા થઇ જતાં હોય છે. આવા કુમળા માનસના બાળકોને ખાસ કરીને છાત્રાઓએ ફસાવી લઇ તેની સાથે દૂષ્કર્મ આચરવાના કિસ્સા સમાજમાં ચીંતાજનક રીતે વધી ગયા છે. અવાર-નવાર આવી ઘટનાઓ સામે આવતી રહે છે. વધુ એક લાલબત્તી સમાન અને સમાજને આંગળી ચીંધતો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. જેમાં દસમાં ધોરણમાં ભણતી સોળ વર્ષની બાળાને એક ઢગાએ ફસાવી પ્રેમજાળમાં લપેટી ગર્ભ રાખી દીધો હતો. વાત અહિ અટકતી નથી, આ બાળાએ ગર્ભપાત કરવા માટે યુ-ટ્યુબનો સહારો લીધો હતો અને ઘરના બાથરૂમમાં કસુવાવડ થઇ ગઇ હતી! દિકરીનું પેટ ફુલાયેલુ જોઇ પરિવારે પૃછા કરતાં તેણીએ ગેસ બહુ રહેતો હોવાથી પેટ ફુલાઇ ગયું છે તેવુ બહાનુ ધરી દીધુ હતું. પણ ગર્ભપાત બાદ તબિયત બગડતાં સમગ્ર કિસ્સો ઉજાગર થતાં પોલીસ સુધી વાત પહોંચાડાઇ હતી.

દરેક બાળાઓ, વાલીઓ માટે આંખ ઉઘાડનારા આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો બનાવ સુરતના પાંડેસરા વિસ્તારનો છે. અહિ ખાડી કિનારેથી અઠવાડિયા પહેલા મળી આવેલા મૃત નવજાતને ધોરણ દસઅભ્યાસ કરતી સોળ વર્ષીય વિદ્યાર્થીનીએ પોતાની ઉંમરના પ્રેમી સાથેના શારિરીક સંબંધ થકી ગર્ભ રહેતાં ગર્ભપાતની ગોળી પીધા બાદ ત્યજી દીધાની ચોંકાવનારી હકીકત પોલીસ તપાસમાં બહાર આવી છે. પોલીસે વિદ્યાર્થીનીના પ્રેમીને ડિટેઇન કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર પાંડેસરા-કૈલાશ નગર ચોકડી સ્થિત અપેક્ષા નગર નજીક ખાડી કિનારેથી અઠવાડિયા અગાઉ મૃત નવજાત બાળક આવ્યું હતું. માથા અને શરીરના ભાગે ઈજાથી મૃત્યુ પામનાર નવજાતને ત્યજી દેનાર નિષ્ઠુર જનેતાની હાથ ધરેલી શોધખોળ અંતર્ગત પાંડેસરા પોલીસને બાતમી મળી હતી કે સ્થાનિક વિસ્તારમાં રહેતી બાળાનું ગત દિવસોમાં પેટ મોટું હતું અને હાલમાં સામાન્ય છે.

આ માહિતી પરથી પોલીસે ડાઈંગ મીલમાં નોકરી કરતાં બિહારી પરિવારના ઘરે પહોંચી હતી. જ્યાં બાળાની પૂછપરછની સાથે નવી સિવિલ હૉસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. જેમાં બાળાની નજીકના દિવસોમાં ડિલિવરી થઈ હોવાનું તબીબોએ જણાવ્યું હતું. ધોરણ દસમાં અભ્યાસ કરતી સોળ વર્ષીય બાળાની પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે છ મહિના અગાઉ ઈન્સ્ટાગ્રામ ઉપર ઓગણીસ વર્ષીય યુવાન સાથે મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. પાંડેસરાના પંચમુખી હનુમાન મંદિર વિસ્તારમાં રહેતા અને કાપડાના કારખાનામાં નોકરી કરતો યુવાને તેણીને પોતાના ઘરે લઈ જઈ અનેક વખત શરીર સંબંધ બાંધ્યા હતા. જેથી પોતાને ગર્ભ રહ્યો હોવાથી વિદ્યાર્થીનીએ ગર્ભપાત કરવાનું નક્કી કરી લીધું હતું. જેથી તેણે યુટ્યુબ જોવાનું શરૂ કર્યું હતું અને તેમાં ગર્ભપાત સર્ચ કરીને તેના આધારે દવા લીધી હતી.

બાદમાં ગર્ભપાતની ગોળી પીધી હતી. ગોળી પીધા બાદ વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં પેટમાં દુઃખાવો થતાં બાથરૂમમાં ગઈ હતી જ્યાં ડિલિવરી થતાં બાળકને જન્મ આપ્યો હતો. પોતાની આબરૂ બચાવવા પ્રમસંબંધ થકી જન્મેલા બાળકને ખાડી કિનારે ત્યજી દીધું હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી. ઉલ્લેખનીય છે કે હાલમાં મુંબઈ ખાતે નોકરી કરતાં શખ્સને ડિટેઇન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઈન્સ્ટાગ્રામ થકી પ્રેમ સંબંધ બંધાયા બાદ શરીર સંબંધ બાંધનાર અવનીને ગર્ભ રહ્યો હતો. જોકે આ અરસામાં સોળ વર્ષીય પ્રેમી સુરત છોડી મુંબઈ નોકરી કરવા ચાલ્યો જતાં પોતે ગર્ભવતી છે, આ બાબત કોઈને કહી શકે એમ ન હતી. બીજી તરફ સમય પસાર થતાં ગર્ભના કારણે પેટ મોટું દેખાતું હતું, જેથી માતા અને પિતાએ અવનીને પૂછતાં તેણીએ કહ્યું હતું કે આજકાલ ગેસ બહુ રહે છે એટલે પેટ ફૂલેલું રહે છે! આ કિસ્સો વધુ એક વખત બાળાઓ, વાલીઓ માટે ચેતવણીરૂપ બની રહ્યો છે.

# 'વન નેશન વન રેશન' કાર્ડ અંતર્ગત નવેમ્બર-૨૪ સુધીમાં ૨૩,૭૨૯ લોકોએ લીધો લાભ

## રાજકોટ શહેર - જિલ્લા નાગરિક પુરવઠા અને સુરક્ષા સલાહકાર સમિતિની યોજાઈ બેઠક




રાજકોટ, તા. ૧૮

રાજકોટ શહેર - જિલ્લા નાગરિક પુરવઠા અને સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક ગઈકાલે જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં રાજકોટ જિલ્લામાં પુરવઠા વિભાગ દ્વારા અનાજ વિતરણની વિગતો તેમજ વિભાગની વિવિધ કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં 'વન નેશન વન રેશન' કાર્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં નવેમ્બર માસ સુધીમાં કુલ ૨૩,૭૨૯ લાભાર્થીઓએ લાભ લીધો છે.

રાજકોટ જિલ્લામાં હાલ ૭૧૩ વ્યાજબી ભાવની દુકાનો છે. જ્યારે ૩,૨૬,૧૩૫ રેશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩,૨૯,૪૬૦ જન સંખ્યાનો સમાવેશ થાય છે. આ બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહ, નિવાસી અધિક કલેકટર એ. કે. ગૌતમ, જિલ્લા પુરવઠા અધિકારી રાજશ્રી વંગવાણી, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા તેમજ અન્ય વિભાગના અધિકારીઓ, સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### ગામના ગરીયા જ જેને ફેરવવા છે એ કોઇપણ હદ સુધી જઇ શકેઃ કૌભાંડ ખુલતાં માભો ધરાવનારની આબરૂ થઇ જાય ગાભો

# વાડ ચીભડા ગળી ગઈઃ બેંકને મેનેજરે દઈ દીધો અઢી કરોડનો ધૂંબો!

## આરટીજીએસથી આવતી રકમ બેંકમાંજમા કરાવવાને બદલે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી દેતો હતોઃ ઓડિટ થતાં જ ફુટી ગયો ભાંડો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટઃ ગામના રૂપિયા ગમે તેમ કરીને ખાઇ જવા છે અને પોતાના ગજવા જેને ભરવા છે તે કોઇપણ હદ સુધી જઇ શકે છે. નોકરીના સ્થળે ઉચ્ચ હોદો અને માભો ભોગવનારા પણ ઘણીવાર લાલચમાં આવી જઇ કૌભાંડ આચરી બેસે છે પછી ઉઘાડા પડતાં તેનો માભો અને આબરૂ ગાભા જેવા થઇ જાય છે. વધુ એક કૌભાંડ ખુલ્યું છે જેમાં બેંકના મેનેજરે વાડ ચીભડા ગળે એ વાતને સાચી ઠેરવી છે. આરટીજીએસની કામગીરી ન કરી પાંચ મહિના દરમિયાન કરોડો રૂપિયા પોતાના એકાઉન્ટમાં સેરવી લીધા હતાં. જો કે ઓડીટ વખતે શંકાસ્પદ આંકડાઓ ઉડીને સામે આવતાં આ મહાશયનો ભાંડો ફુટી ગયો હતો. ઠગાઇના બીજા બનાવમાં હીરાના વેપારીએ બીજા હીરાના વેપારીઓને લાખોનો ચૂનો લગાડી દીધો હતો અને ભાગી ગયો હતો.

વિગતે વાત કરીએ તો આ કારસ્તાન અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સ્ટેડિયમ રોડ પર આભૂષણ કોમ્પલેક્ષમાં આવેલી અમરનાથ કો-ઓપરેટિવ બેન્કમાં આચરાયું છે. આ બેંકના મેનેજર વિરૂધ્ધ અઢી કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. પોતાની સતાનો દુરુપયોગ કરીને આરટીજીએસની કામગીરી ન કરીને માત્ર પાંચ જ મહિનામાં અઢી કરોડની રકમ પોતાના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નવરંગપુરા સ્ટેડિયમ રોડ પર આવેલી અમરનાથ કો-ઓપરેટીવ બેંકના ઓડિટમાં નવેમ્બર-૨૦૨૪ દરમિયાન બેન્કમાં કેટલીક શંકાસ્પદ એન્ટ્રીઓ થઈ હોય એવું જાણવા મળ્યું હતું. આ બાબતે બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને જાણ કરાઈ હતી. આ એન્ટ્રીઓ કરંટ ઓડિટર પાસે ઓડિટ કરાવવામાં આવતા અમુક એન્ટ્રીઓ જુદા-જુદા એકાઉન્ટમાં




### હીરાના વેપારીએ બીજા ત્રણ વેપારીઓનું ૮૬ લાખનું કરી નાંખ્યુંઃ બારોબાર હીરા વેંચી ઓફિસને તાળા મારી થઇ ગયો છૂ

ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવ્યું હતું. આ આખુ કારસ્તાન બેંકમાં સિનિયર એક્ઝિક્યુટિવ મેનેજર તરીકે ફરજ બજાવતા વિપુલ પટેલ (રહે. અભિષેક એપાર્ટમેન્ટ, નવાવાડજ) દ્વારા રચવામાં આવ્યું હતું.

પોલીસ સુત્રોએ કહ્યું હતું કે વિપુલ પટેલે વર્ષ ૨૦૧૩માં એક્ઝિક્યુટિવ તરીકે બેન્કમાં નોકરી શરૂ કરી હતી. ત્યારબાદ ગેરકાયદેસર રીતે પોતાની સત્તાનો દુરૂપયોગ કરીને બેન્કમાં આરટીજીએસ માટે કરવામાં આવતી કામગીરી નહીં કરી અને અલગ-અલગ તારીખે ૨.૫૦ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. બેન્કના સોફટવેરમાં તપાસ કરવામાં આવતા અલગ-અલગ વ્યક્તિઓ પાસે તેણે એન્ટ્રી કરાવેલી હતી. મેનેજર વિપુલ પટેલને કોણ વ્યક્તિ એન્ટ્રી કરશે? કેવી રીતે એન્ટ્રી કરી શકે? કોણ ચેક કરી શકે? તે તમામ બાબતો અંગેની જાણ હોવાથી તેણે ચાલાકીપૂર્વક ઓટીણીથી લઈને તમામ બાબતો બેન્કના ધ્યાને ન આવે તેમ મેળવી અને પોતાના અન્ય બેન્ક એકાઉન્ટમાં અઢી કરોડ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હોવાને લઈ બેંકના કર્મચારીએ આ બાબતે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં કૌભાંડીયા મેનેજરને સાણસામાં લેવા તજવીજ હાથ ધરવામાં આવી છે. ઠગાઇના બીજા એક કિસ્સામાં મંદીમાં દાઝયા પર ડામ જેવુ થયું છે. વરાછાનો હીરાનો વેપારી રૂપિયા ૮૩.૬૯ લાખના હીરા ત્રણ વેપારીઓ પાસેથી લઈ બારોબાર વેચી મારી ભાગી ગયો છે. આ બનાવ અંગે હીરાના વેપારી પ્રવિણ દેવાણીએ વરાછા પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે લેભાગુ હીરા વેપારી સંદીપ પ્રવિણ રાદડીયા રહે. ચિત્રકુટ સોસાયટી હીરાબાગ વરાછા)ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. હીરાના વેપારી પ્રવિણ દેવાણીની ઓફિસે હીરાનો વેપારી સંદીપ રાદડીયા ઓફિસે આવ્યો હતો અને સમયસર પેમેન્ટ આપવાનો વાયદો કરી ૮૫૬.૯૦ કેરેટના ૪૩.૬૬ લાખના હીરા ક્રેડિટથી લીધા હતા. આવી જ રીતે વેપારી સંદીપે શ્રેયસ રાખોલીયા પાસેથી ૨૮૧.૭૦ કેરેટના ૧૯.૮૫ લાખના હીરા તથા અશ્વીન કાકડીયા પાસેથી ૨૦.૧૭ લાખના હીરા ક્રેડિટ પર લીધા હતા. જ્યારે વેપારીએ વાયદા પ્રમાણે પેમેન્ટની માંગણી કરી ત્યારે હીરાના વેપારી સંદીપે બહાના કાઢી ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પછી વેપારીઓ તેની ઓફિસે ઉઘરાણી માટે ગયા તો ખબર પડી હતી કે સંદીપે બારોબાર હીરા વેંચી માર્યા છે અને તે ઓફિસને તાળા મારી ભાગી ગયો છે. પોલીસ તેને શોધી રહી છે.

# દેશની સૌથી મોટી એન્જિનિયરિંગની પરીક્ષા

## "JEE Main 2025" પર માર્ગદર્શન

### એલનના તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને કોઈપણ તકલીફ ન પડે તે માટે આપ્યા સુજાવ




રાજકોટ, તા. ૧૮

જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન ૨૦૨૫ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. JEE મેઇન એ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે સૌથી મોટી રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષા છે જે દર વર્ષે બે સત્રોમાં સમગ્ર ભારતમાં લેવામાં આવે છે. આ પરીક્ષા ગઇંઝ, ઈંઈંઈંઝ અને દેશની અન્ય પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં ઇ.ઝયભવ અને ઈઊ ડિગ્રી માટે પ્રવેશ પૂરો પાડે છે.

આ વર્ષે, ઇતિહાસમાં સૌથી વધુ ૧૩ લાખ ૯૫ હજાર વિદ્યાર્થીઓએ JEE મેઈન (જાન્યુઆરી સત્ર) માટે અરજી કરી છે, જે ગયા વર્ષની સરખામણીમાં એક લાખથી વધુ છે. આ વર્ષે, JEE મેઈન જાન્યુઆરી પરીક્ષા ૨૨ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન લેવામાં આવશે, જેમાં BE-B.Tech પરીક્ષા ૨૨, ૨૩, ૨૪, ૨૮ અને ૨૯ જાન્યુઆરીના રોજ બે શિફ્ટમાં લેવામાં આવશે અને ઇ.અભિવ પરીક્ષા ૩૦ જાન્યુઆરીના રોજ એક શિફ્ટમાં લેવામાં આવશે. JEE મેઈન ૨૦૨૫ જાન્યુઆરી સત્રમાં સારો ગુણ પ્રાપ્ત કરવા માટે, એલન રાજકોટના નિષ્ણાંત શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે

#### રિવિઝન માટે માર્ગદર્શન

૧. તમે તમારા નબળા ટોપિક નું રીવીઝન તમે બનાવેલ શોર્ટ નોટસ નાં રીવીઝન કરવાથી પરિણામ માં સફળતા મેળવી શકો છો.

તમારા નબળા ક્ષેત્રોને ઓળખો અને તમારા દ્વારા તૈયાર કરાયેલી ટૂંકી નોંધોમાંથી તેમને વારંવાર સુધારો.

૨. પરીક્ષા પેટર્નથી પરિચિત થવા અને સમય વ્યવસ્થાપનનો અભ્યાસ કરવા માટે પાછલા વર્ષના પ્રશ્નપત્રો અને મોક ટેસ્ટનો અભ્યાસ કરો.

૩. તમારી ભૂલોને ઓળખો અને તેમની યાદી બનાવો અને તેમને સુધારતા રહો જેથી તમે તેમને ફરીથી ન કરો.

પરીક્ષાના દિવસે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

૧. પરીક્ષા શરૂ કરતા પહેલા સૂચનાઓને ધ્યાનથી વાંચો.

૨. તમારા સમયનું સમજદારીપૂર્વક સંચાલન કરો અને ખાતરી કરો કે તમે જે પ્રશ્નો ઉકેલી શકો છો તે બધાનો પ્રયાસ કરો.

૩. મુશ્કેલ પ્રશ્નોમાં ફસાઈ ન જાઓ કારણ કે તે તમારો સમય બગાડી શકે છે.

#### વિષયવાર ટિપ્સ

૧. ગણિતઃ સૂત્રોનું રીવીઝન કરો અને શક્ય તેટલા વધુ મોક પ્રશ્નો ઉકેલવાનો અભ્યાસ કરો. પાછલા વર્ષના પેપરના બધા પ્રશ્નોનો અભ્યાસ કરો અને એવા પ્રશ્નોનો પ્રયાસ કરો જેમાં ઓછી ગણતરી અને સમયની જરૂર હોય.

૨. ભૌતિકશાસ્ત્રઃ સામાન્ય રીતે ભૌતિકશાસ્ત્રનું પેપર સરળ હોય છે. કન્સેપ્ટ અને સૂત્રોના જ્ઞાનથી ભૌતિકશાસ્ત્રમાં સારા ગુણ મેળવી શકાય છે. પાછલા વર્ષના પેપર્સનું રિવિઝન મદદ કરી શકે છે.

૩. રસાયણશાસ્ત્રઃ એનસીઈઆરટીનો સઘન અભ્યાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને તથ્યપૂર્ણ માહિતી ધરાવતા વિષયો.

#### માનસિક તૈયારી

૧. સકારાત્મક રહો અને તમારામાં વિશ્વાસ રાખો.
૨. પ્રેરિત રહો અને તમારા લક્ષ્યોને યાદ રાખો.
૩. પરીક્ષાના એક દિવસ પહેલા પૂરતી ઊંઘ લો અને આરામ કરો.

#### છેલ્લી ઘડીએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો

૧. છેલ્લી ક્ષણે નવા કન્સેપ્ટ શીખવાનો પ્રયત્ન કરશો નહીં.
૨. તમે અગાઉ જે પ્રેક્ટિસ કરી છે તેને રિવાઈઝ કરી તેના પર ફોકસ કરો.
૩. યાદ રાખો, પરીક્ષામાં સારું પ્રદર્શન કરવા માટે શાંત અને ધ્યાન

# માલીયાસણ નજીકથી દારૂની ૫૭૬ બોટલ ભરેલા ટ્રક સાથે ચાલક ઝડપાયો

### દારૂ, ટ્રક મળી રૂ.૮.૭૯ લાખનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ






રાજકોટ, તા.૧૮

માલીયાસણ નજીકની એક હોટેલ પાસે ઉભેલા ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની પીસીબી પોલીસને બાતમી મળી હતી. દરમિયાન પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસ કરતા ટ્રકમાંથી દારૂની ૫૭૬ બોટલ મળી આવતા, ટ્રક, દારૂ મળી રૂ. ૮.૭૯ લાખના મુદ્દામાલ સાથે પોલીસે નાગેશ્વરના ટ્રકચાલકને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ માલીયાસણ ચોકડી પાસે આવેલી કનૈયા ટી સ્ટોલ નામની હોટલ પાસે વિદેશી દારૂનો જથ્થો ભરેલો ટ્રક ઉભો હોવાની પીસીબીના હેડ કોન્સ વિક્રમસિંહ ઝાલા અને ગીરીરાજસિંહ જાડેજાને બાતમી મળતા પી.એસ. આઇ. એમ. જે. હુણ સહિતના સ્ટાફે દરોડો પાડી હોટલ પાસે પાર્કીગમાં પાર્ક કરેલા જી.જે.૧૦ ડબલ્યુ-૬૨૩૩ નંબરના ટ્રકની તલાશી લીધી હતી.

આ તકે પોલીસને રૂા. ૨,૭૪,૭૨૮ ની કિંમતની વિદેશી દારૂની ૫૭૬ બોટલ મળી આવતા પોલીસે ટ્રક ચાલક સતીષ નાથાભાઇ જાટીયા (ઉ.વ. ૨૭) (રહે. જામનગર રોડ, નાગેશ્વર મંદિર પાસે, શાંતીનગર, અરીહંત એવન્યુ-એ, ફલેટ નં. ૧૦૨) ને પકડી લઇ રૂા. ૨.૭૪ લાખનો વિદેશી દારૂ ટ્રક અને મોબાઇલ ફોન મળી રૂા. ૮,૭૯,૭૨૮ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

દારૂનો જથ્થો કયાંથી લાવ્યો અને કયાં પહોંચાડવાનો હતો તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. આ કામગીરી પી.સી.બી.ના ઇન્ચાર્જ પી.આઇ. એમ. આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. એમ. જે. હુલ, પી.બી. ત્રાજીયા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ,હેડ કોન્સ કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ધનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી દ્વારા કરવામાં આવી હતી



રાજકોટ મિરર તંત્રીની કલમે

# કોંગ્રેસના ગ્રહ સુધરતા નથી

## સામાન્ય સભામાં વિપક્ષની ગેરહાજરી : પ્રભાવનો અભાવ



રાજકોટના દરેક ખૂણામાં લોકો તંત્ર અને સત્તાધીશોથી ત્રાહિમામ છે. આ સ્થિતિ વિપક્ષ માટે અતિ ઉત્તમ ગણાય. રાજકોટમાં મુખ્ય વિપક્ષ કોંગ્રેસ આવા સમયે જોરમાં હોવી જોઈએ. જો કે આજે મહત્વના સમયે જ ભાગવાવાળી કરી હતી. કોંગ્રેસની કુંડળીના ગ્રહો સુધરે તેવું દેખાતું નથી.

રાજકોટ મહાપાલિકાની સામાન્ય સભામાં કોંગીજનો પહોચ્યા ન હતા. સભાના બહિષ્કારનું એલાન કર્યું હતું. સામાન્ય રીતે એમ લાગે કે કોંગ્રેસના ચાર માથાં શું ઉકાળી શકે ? સવાલ એ છે કે કોર્પોરેટર ભલે ચાર જ હોય પણ આખી કોંગ્રેસ શું કરે છે ? મહાપાલિકામાં વિપક્ષને થઇ રહેલા અન્યાય સામે પક્ષ કેમ કાર્યક્રમો નથી આપતો ? કોગ્રેસમાં નિયમ અને ત્રેવડ હોય તો ચાર કોર્પોરેટર્સ પણ ચાલીસ જેવો અવાજ ઉઠાવે શકે છે.

કોંગ્રેસે સામાન્ય સભાનો બહિષ્કાર કરીને ભાજપ માટે સંપૂર્ણ અનુકુળતા સર્જી દીધી અને ચારેય નગર સેવકો લોકશાહીના વિલન જેવા બની ગયા. સાચી બાબત એ છે કે કોંગ્રેસ પાસે કોઈ ત્રેવડ કે રણનીતિ જ રહી નથી. છેલ્લા ત્રણ દાયકામાં માત્ર એકાદ બે ઘટનાઓ બાદ કરતા કોંગ્રેસ કંઈ જ કરી શકી નથી.

ગુજરાત કોંગ્રેસને તો રાજનીતિનો મુખ્ય પ્રવાહ જ સમજમાં આવતો નથી. વિપક્ષનું કામ લોકોની સમસ્યાઓ ઉઠાવીને તેવી વાચા આપવાથી માંડીને લોકપ્રશ્નો અંગે પરિણામલક્ષી લડત આપવાની હોય છે. આવું કરવાથી વિપક્ષ પર લોકોનો વિશ્વાસ વધે અને વિપક્ષને મત મળે. ગુજરાતમાં ૩૦ વર્ષથી કોંગ્રેસ શું કરે છે ? લોકોના પ્રશ્નો ઉકેલવાને બદલે કોંગ્રેસ પોતાની સમસ્યા આ લોકો સામે રજુ કરે છે ! રાજકોટ મહાનગરપાલિકાના બહિષ્કાર બાદ કોંગ્રેસે જાહેર કર્યું કે અમારું કોઈ સાંભળતું નથી તેથી અમે બહિષ્કાર કરીએ છીએ. કોંગ્રેસની આ સમસ્યા લોકોએ ઉકેલવાની ?

તાજેતરમાં એનએસયુઆઈ દ્વારા કેન્ડલ સાથે રેલી યોજાઈ હતી. આ રેલીમાં એનએસયુઆઈના રાષ્ટ્રીય પ્રમુખ પણ હતા. આ રેલી અંગે એનએસયુઆઈ કહે છે કે અમે મશાલ યાત્રાની મંજુરી માંગી હતી, જે છેલી ઘડીએ રદ્દ કરવામાં આવી હતી. કોંગ્રેસ એવું ઈચ્છે છે અમને થતા અન્યાય દૂર કરવા લોકો લડત આપે ?

ગુજરાત કોગ્રેસમાં લડાયક વૃત્તિ રહી જ નથી. પશ્ચિમ બંગાળમાં ભાજપ વિપક્ષમાં છે. મમતા બેનજીર્ના આક્રમક શાસન સામે જીવના જોખમે ભાજપના નેતાઓ લોકોના પ્રશ્ને લડત આપીને પક્ષને મજબૂત બનાવી રહ્યા છે. ગુજરાતમાં વિપક્ષ કોંગ્રેસ એવી રાહ જુએ છે કે લોકો અમને સત્તા ગીફ્ટમાં આપશે !

ત્રણ દાયકાના એકધારા શાસન બાદ સ્વાભાવિકપણે જ સત્તા વિરોધી મત જાગે, પણ ગુજરાતમાં કોંગ્રેસ આવા કુદરતી મતો પ્રાપ્ત કરવા પણ સક્ષમ દેખાતી નથી. મહાપાલિકા જેવા સ્થાનિક તંત્રમાં પણ લડી લેવાને બદલે ભાગેડુ વૃત્તિ રાખે છે. કુંડળીમાં ગોઠવાયેલા ગ્રહો પણ નડી-નડીને થાકી ગયા પણ કોંગ્રેસમાં સુધારો આવતો નથી.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સ્વામિત્વ યોજના હેઠળ ૩.૧૭ લાખ ગામોને આવરી લેવાયા

## કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ



નવીદિલ્હી, તમ ૧૮

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ શનિવારે કહ્યું કે ઓનરશિપ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ અને અન્ય પહેલ લોકોને સશક્ત કરવાના નરેન્દ્ર મોદી સરકારના સંકલ્પને રેખાંકિત કરે છે. તેમણે કહ્યું કે સ્વામિત્વ યોજના હેઠળ ૩.૧૭ લાખ ગામોને ટેકનોલોજીની મદદથી આવરી લેવામાં આવ્યા હતા અને આજે ૧.૫૩ લાખ ખેડૂતોને મિલકતના અધિકારો આપવામાં આવશે. જેપી નડ્ડા અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમદાવાદથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી વતી માલિકી કાર્ડના વિતરણ સમારોહમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો. રાજ્ય સ્તરીય કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સામાન્ય માણસના સશક્તિકરણને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. મોદી સરકારે હંમેશા લોકોને પ્રાથમિકતા આપી અને એ સુનિશ્ચિત કર્યું કે અમે સામાન્ય માણસને સશક્ત બનાવવા માટે કેવી રીતે કામ કરીએ

પીએમ મોદીએ લગભગ ૬૫ લાખ માલિકીના પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું, જે તેમણે કહ્યું કે આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે અને ગરીબી ઘટશે. આ પ્રોપર્ટી કાર્ડ છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં લાભાર્થીઓને વિતરણ કરવામાં આવી રહ્યા છે. રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે, 'જ્યારે હું સશક્તિકરણની વાત કરું છું ત્યારે મારું ધ્યાન ગામડાઓ, ગરીબો, વંચિતો, પીડિત, શોષિત, દલિતો, યુવાનો અને ખેડૂતો પર હોય છે. આ વિભાગોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તમામ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે સામાન્ય માણસના સશક્તિકરણને મજબૂત કરવાની પ્રક્રિયામાં હિસ્સેદારોએ સામેલ થવું જોઈએ અને લાભાર્થીઓ સાથે વાત કરવી જોઈએ જેથી આ લોકોને મુખ્ય પ્રવાહમાં જોડાવવાનો વિશેષાધિકાર કેવી રીતે આપવામાં આવ્યો. જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ' ના મંત્રને કલ્યાણકારી પગલાંના આયોજન અને અમલીકરણમાં અક્ષર અને ભાવનાથી અનુસરવામાં આવે છે. તેમણે કહ્યું કે આયુષ્માન ભારત યોજના હેઠળ ૬૧ કરોડ લોકો ૫ લાખ રૂપિયા (ગુજરાતમાં ૧૦ લાખ રૂપિયા)નું આરોગ્ય કવરેજ મેળવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ અન્ન યોજનાના કારણે ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

આ યોજના ગામડાઓમાં રહેતા લોકોને તેમની જમીનનો માલિકી હક્ક આપે છે. આ સાથે તેઓ તેમની જમીનના કાયદાકીય દસ્તાવેજ મેળવી લે છે. આ દસ્તાવેજને 'પ્રોપર્ટી કાર્ડ' કહેવામાં આવે છે.

આ કાર્ડ દ્વારા તેઓ બેંકમાંથી લોન લઈ શકે છે, જમીન ગીરો રાખી શકે છે અને તેનું વેચાણ પણ કરી શકે છે. અગાઉ ગામડાઓમાં જમીનના માલિકી હક્કને લઈને ઘણા વિવાદો થતા હતા. આ યોજના આવા સંઘર્ષો ઘટાડશે. લોકોને તેમની જમીનના હકદાર માલિક હોવાનો પુરાવો મળશે.

# RG કર કેસમાં સંજય રોય દોષિત



**કેસમાં દોષિતોને કડક સજા કરવાની માંગણી : ઘટનાના લગભગ ૧૬૨ દિવસ બાદ સિયાલદહ કોર્ટે લીધો નિર્ણય**

નવીદિલ્હી તા. ૧૮

ગયા વર્ષે ઓગસ્ટમાં પશ્ચિમ બંગાળના કોલકાતામાં આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક જુનિયર મહિલા ડોક્ટરની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના સામે આવ્યા બાદ સમગ્ર દેશમાં આક્રોશનો માહોલ છે. પશ્ચિમ બંગાળ પોલીસ બાદ સીબીઆઈ પણ આ કેસની તપાસમાં જોડાઈ હતી. આ ઘટના બાદ મેડિકલના વિદ્યાર્થીઓએ ડોક્ટરોની સુરક્ષાને લઈને દેશભરમાં પ્રદર્શન કર્યું હતું. આ દેખાવો લાંબા સમય સુધી ચાલુ રહ્યા અને આ કેસમાં દોષિતોને કડક સજા કરવાની માંગણી કરવામાં આવી. આ ઘટનાના લગભગ ૧૬૨ દિવસ બાદ સિયાલદહ કોર્ટે આ કેસમાં આરોપી સંજય રોયને દોષિત જાહેર કર્યો છે.

છત્ર કાર મેડિકલ કોલેજ-હોસ્પિટલમાં એક જુનિયર ડોક્ટર સામે નિર્દયતાની ઘટના ગયા વર્ષે ૮-૯ ઓગસ્ટની વચ્ચેની રાત્રે બની હતી. ૩૧ વર્ષીય મૃતક મેડિકલ કોલેજના ચેસ્ટ મેડિસિન વિભાગના બીજા વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી અને તાલીમાર્થી ડોક્ટર હતો. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, જુનિયર ડોક્ટર ગુરુવારે હોસ્પિટલમાં નાઈટ ડ્યૂટી કરી રહ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યા પછી મિત્રો સાથે ડિનર પણ કર્યું હતું. ત્યારપછી મહિલા તબીબનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

બીજા દિવસે સવારે ચોથા માળે આવેલા સેમિનાર હોલમાંથી ડોક્ટરનો મૃતદેહ અર્ધ નગ્ન અવસ્થામાં મળી આવતાં મેડિકલ કોલેજમાં ખળભળાટ મચી ગયો હતો. ઘટનાસ્થળેથી મૃતકનો મોબાઈલ ફોન અને લેપટોપ મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે મહિલા ડોક્ટર સાથે બળાત્કારની ઘટના બની હતી.

જુનિયર મહિલા ડોક્ટરની લાશ ગાદલા પર પડી હતી અને ગાદલા પર લોહીના ડાઘા જોવા મળ્યા હતા. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મૃતક મહિલા ડોક્ટરના મોં અને બંને આંખો પર ઘા હતા. પ્રાઈવેટ પાર્ટ પર લોહીના નિશાન અને ચહેરા પર નખના નિશાન જોવા મળ્યા હતા. હોઠ, ગરદન, પેટ, ડાબા પગની ઘૂંટી અને જમણા હાથની આંગળી પર ઈજાના નિશાન હતા.

મહિલા ડોકટરની હત્યાની માહિતી મળ્યા બાદ ૯ ઓગસ્ટની સવારે હોસ્પિટલ મેનેજમેન્ટે પીડિતાના પરિવારને બોલાવ્યા હતા. જ્યારે પીડિતાના પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા તો તેઓ ચોંકી ગયા. મૃતક ડોક્ટરની માતાએ કહ્યું, 'મારી પુત્રીની હત્યા કરવામાં આવી હતી. મારી દીકરી અડધી નગ્ન પડી હતી. ચશ્મા તૂટી ગયા હતા. તેના શરીર પર કપડા નહોતા. અંદર કોઈ સીસીટીવી કેમેરા નહોતા, બધું અસ્તવ્યસ્ત હતું. મહિલા ડોક્ટરના પિતાએ આરોપ લગાવ્યો છે કે તેમની પુત્રી પર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી છે. પીડિતાના પિતાએ તે જ દિવસે સ્થાનિક તાલા પોલીસ સ્ટેશનમાં બળાત્કાર અને હત્યાની ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે કેસ નોંધ્યો હતો.

# પાકિસ્તાન "કેન્સર" સમાન : જયશંકર

## ભારત પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત પર ધ્યાન કેન્દ્રિત કરે છે



નવીદિલ્હી , તા. ૧૮

વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી અને પાડોશી દેશની સરખામણી ''કેન્સર'' સાથે કરી હતી જે હવે તેની પોતાની આંતરિક સ્થિરતાને અસર કરી રહી છે. ૧૯મીએ શનિવારે મુંબઈમાં નાની એ. પાલખીવાલા મેમોરિયલ લેક્ચરમાં બોલતા, જયશંકરે સરહદ પારના આતંકવાદ માટે પાકિસ્તાનના સમર્થન અને પ્રદેશ પર તેની અસર પર પ્રકાશ પાડ્યો. સીમા પારના આતંકવાદને સમર્થન આપવાને કારણે પાકિસ્તાન આપણા પડોશમાં અપવાદ છે. તે કેન્સર હવે તેના પોતાના રાજકીય માળખાને ખાઈ રહ્યું છે. પાકિસ્તાન આ અભિગમ છોડી દે તે સમગ્ર ઉપખંડના સામાન્ય હિતમાં છે.

મંત્રીએ છેલ્લા દાયકામાં ભારતની રાજદ્વારી પ્રગતિ અને દેશ વૈશ્વિક સ્તરે સંતુલિત સંબંધો કેવી રીતે જાળવવામાં સફળ રહ્યો છે તેના પર ભાર મૂક્યો હતો. તેમણે મુત્સદ્દીગીરી પ્રત્યે ભારતના અભિગમની રૂપરેખા આપી, જે માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે ''પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત'' પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જયશંકરે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેવા માટે નિર્ણાયક અને ઉભરતી ટેક્નોલોજીમાં ભારતનું નેતૃત્વ કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

ભારત બિન-પશ્ચિમ હોઈ શકે છે, પરંતુ તેના વ્યૂહાત્મક હિતો એ સુનિશ્ચિત કરે છે કે તે પશ્ચિમી વિરોધી નથી, તેમણે કહ્યું. તેમણે આંતરરાષ્ટ્રીય જોડાણને અનુસરવા માટેના દેશના અભિગમ પર પ્રતિબિંબિત કર્યું. વિદેશ મંત્રીએ ''નાણાકીય સંસ્થાઓના શસ્ત્રીકરણ'' વિશે ચિંતા વ્યક્ત કરી અને ભારતને બાહ્ય નબળાઈઓને ઘટાડીને તેના આંતરિક વિકાસને મજબૂત કરવા વિનંતી કરી. જયશંકરે કહ્યું, ''ભારત પોતાને 'વિશ્વબંધુ' અથવા બધાના મિત્ર અને વૈશ્વિક મંચ પર એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જુએ છે.'' તેમણે કહ્યું કે દેશ હંમેશા રાષ્ટ્રીય હિતોને અગ્ર સ્થાને રાખીને સંઘર્ષને ઓછો કરીને મિત્રતા વધારવાનો પ્રયત્ન કરે છે. તેમણે પ્રાદેશિક અને મધ્યમ શક્તિઓ સાથે ભારતની વધતી જતી જોડાણને પણ પ્રકાશિત કરી. પાછલા દાયકાએ બતાવ્યું છે કે કેવી રીતે બહુવિધ મોરચે પ્રગતિ કરવી, કોઈને પણ અલગ કર્યા વિના વિવિધ સંબંધોને આગળ વધારવું. ધ્રુવીકરણ પરિસ્થિતિઓએ વિભાજનને દૂર કરવાની અમારી ક્ષમતાને બહાર લાવી છે. વિદેશ મંત્રીએ તેના રાજદ્વારી પદચિહ્નને વિસ્તૃત કરવા અને વિશ્વ મંચ પર તેની સ્થિતિને મજબૂત કરવા ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના ભારતના પ્રયાસોને પણ પ્રકાશિત કર્યા.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

### ચાલો જાણીએ આર્દ્રા નક્ષત્રમાં ભગવાન શિવનાં શિવલિંગ સ્વપનનું મહાત્મ્ય શું છે!



તા ૧૬/૧૨ ૨૦૨૪ નાં રોજ એક એવો સંયોગ થશે કે જે દરેક હિન્દુ સનાતની માટે બહુ મહત્વની ઘટનાની યાદ અપાવશે, અને આ દિવસે શું કામ ભગવાન શિવને આરાધવા જોઈએ! એ પણ સમજવા જેવો મુદ્દો છે. માગશર માસનું આર્દ્રા નક્ષત્ર તા ૧૬ ૧૨ નાં બેસે છે અને એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર એ દિવસે બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયા હતાં, અને પોતાના સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી.

શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા માં બે માંથી કોણ મહાન એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયા પણ આદિ અનંતનો છેડો કેમ મળે! અને બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તા સમજાઈ ગઈ! બન્ને વીલામોંઢે પાછા ફર્યા. ત્યારે એ જયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત-રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું વિસર્જન છે! યોગ્ય સમયે આ ક્રિયા ન થાય તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય. પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! જેમકે વારંવારના ધરતી કંપ કે વાવાઝોડું સુનામી અને વારંવાર બસ ખાઈમાં પડી જવું, ટ્રેન પાટા પરથી ઉથલી જવી કે આગ લાગવી આ બધું જ એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! એ બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુ થી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે.

ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે : ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂર્ણાકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું ચહિન કે બિંદુ. જે બિંદુ એ વિસ્તરે તો બિંદુમાંથી રેખા વિસ્તરે, કે કોઈ પણ અંકની આગળ પૂર્ણનાં ચહિન મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવ લીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે પ્રકૃતિ જન્ય પદાર્થ નાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનો નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાના સંરક્ષણ અને સંવર્ધન માં પ્રકૃતિ નું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે.

શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ઓમ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે અને તે જ બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવપુરાણની વિદ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતી ને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે.

આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દ્દઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં. સીધાસાદા શુદ્ધ પાણી અને એક ટબુડી દૂધ, બે-ત્રણ બીલીપત્ર હોય એટલે શંકર રાજી રાજી! ન કોઈ ભોગની ઉપેક્ષા,ન કોઈ અન્ય સાધન, માત્ર ને માત્ર ભાવનાનો ભૂખ્યો, એવો ભોળો ભંડારી સદીઓથી ભક્તની ભીડ ભાંગે છે. સ્થાન પણ જ્યાં મળે ત્યાં ગ્રહણ કરી લેતા હોય છે, એટલે કે જંગલમાંથી પણ સ્વયંભૂ શિવલિંગ બહાર નીકળે. સૌરાષ્ટ્ર પંથકમાં તો કોઈને ખબર પણ ન હોય કે આ જમીન તળે શિવલિંગ છે, અને ખોદકામ કરતાં ત્યાંથી શિવલિંગ પ્રાપ્ત થાય છે. કોઈ જગ્યાએ, કોઈ ગાય પોતાના આંચળમાંથી સીધો અભિષેક કરતી રોજ કોઈને દેખાય, અને એ ભરવાડ ત્યાં આગળ ખોદકામ કર્યું તો એમાંથી શિવલિંગ નીકળે! આવું તો આપણે ઘણું સાંભળીયે છીએ, અને એ કોઈ પરચા નથી, સાક્ષાત શંકરનું પ્રાગટ્ય છે. આપણે ત્યાં શંકર પાર્વતીને શ્રદ્ધા વિશ્વાસની જોડી તરીકે ઓળખવામાં આવે છે.

ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે. શિવપુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યા છે. લિંગપુરાણ પ્રમાણે પત્થર, રત્ન વગેરે દ્રવ્યોના આધારે લિંગના મુખ્ય છ પ્રકાર છે : શૈલજ, રત્નજ, ધાતુજ, કાષ્ઠજ, માટીજ અને ક્ષણિકલિંગ જેને વિષે આપણે શ્રાવણમાં સ્વતંત્ર ચિંતન કર્યું હતું. દરેક લિંગના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને પરબ્રહ્મરૂપ સદાશિવ લિંગના ઉપરના ભાગમાં રહે છે. લિંગ એ પરબ્રહ્મનું ત્રિમૂર્તિ સ્વરૂપ પણ મનાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રમયી એવી ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી મા જગતજનની જગદંબા અંબિકા મહાદેવી એ લિંગની વેદિ છે. મનુષ્યોનાં જન્મથી ઉત્પન્ન થયેલાં દુઃખોનો નાશ કરનાર સદાશિવ લિંગને આપણે વારંવાર પ્રમાણ કરીએ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### બે વર્ષ પહેલા વાહન અથડાવા પ્રશ્ને થયેલી બબાલના કેસનું સમાધાન કરવા મામલે જામી પડી

# રેસકોર્ષ રીંગ રોડ પર ધીંગાણું: યુવાનની હત્યાનો પ્રયાસ

### મોરબી રોડ પર રહેતાં હુશેન ઉર્ફ આર્યનને કુવાડવા રોડના આફતાબ ઉર્ફ બોદુ સહિત પાંચ જણાએ બોટલ, છરીના ઘા ઝીંક્યા: સામે પણ બે જણાને ઈજા: પ્ર.નગર પોલીસે સામ-સામે એફઆઈઆર દાખલ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: રંગીલા રાજકોટ શહેરમાં ક્યારે કોણ કોના પર તૂટી પડે તે નક્કી હોતું નથી. અહિ રોજબરોજ મારામારી, સરાજાહેર હુમલા, હત્યાની કોશિષના બનાવો બનતાં જ રહે છે. કોઠારીયા વિસ્તારમાં વૃધ્ધા અને પુત્રવધૂ પર પુર્વ પુત્રવધુ અતને તેના પુત્રએ છરીથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યા સતત બીજા દિવસે રેસકોર્ષ રીંગ રોડ પર હત્યાની કોશિષનો બનાવ બન્યો છે. કાયદો વ્યવસ્થાને પડકારતી આ ઘટનામાં બે વર્ષ જુના મનદુ:ખનો ખાર રાખી મોરબી રોડ સીટી સ્ટેશન સામે રહેતાં હુશેન ઉર્ફ આર્યન નામના યુવાનને પાંચ શખ્સોએ સોડા બોટલ અને છરીના ઘા ઝીંકી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.





ઘટનાની વિગતો પર નજર કરીએ તો હુશેશ અને તેના મિત્રને મહિલા પોલીસ સ્ટેશનથી આગળ રેસકોર્ષ રીંગ રોડ પર રાત્રે સાડા બારેક વાગ્યે કુવાડવા રોડ ડી-માર્ટ પાછળ ક્વાર્ટરમાં રહેતાં આફતાબ ઉર્ફ બોદુ અને તેની સાથેના ચાર શખ્સોએ આંતરી ઝઘડો ચાલુ કરતાં હુશેનનો મિત્ર ગભરાઇને ભાગી જતાં આ પાંચેયએ કાચની બોટલો, છરીથી હુમલો કરી હુશેનને આડેધડ બેઠક, છાતી, પડખામાં છરીના ઘા ઝીંકી ગાળો દઇ 'હવે તું જીવતો નહિ રહી શકે, જીવી જઇશ તો પણ મારી નાખશું' કહી ધમકી આપી ભાગી જતાં પાછળથી ઘટના સ્થળે આવેલા મિત્ર આદિલે હુશેનને ગંભીર હાલતમાં હોસ્પિટલે ખસેડ્યો હતો. સામે પક્ષે હુમલાખોર પૈકીના આફતાબ ઉર્ફ બોદુ અને તેના મામાનો દિકરો માહિદ જુણેજા પણ પોતાના પર હુમલો થયાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. હુમલામાં ઘાયલ મોરબી રોડ સીટી સ્ટેશનની સામે હુશેની ચોકમાં રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં એકવીસ વર્ષનો આર્યન ઉર્ફ હુશેન રફીકભાઇ બાવનકાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પ્ર.નગર પોલીસ ઇન્સપેક્ટર વી.આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ પી.કે. પઢીયારે તેની ફરિયાદ પરથી આફતાબ ઉર્ફ બોદુ દિલાવરભાઇ ઠેબા, શબ્બીર ઉર્ફ શબલો, માહિર, શાહુ અને અજાણ્યા વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો નોંધી ત્રણ શખ્સોને સકંજામાં લીધા હતા. ગંભીર ઇજા પામનાર હુશેન ઉર્ફ આર્યને જણાવ્યું છે કે હું અને મારો મિત્ર ઇરફાન ઉર્ફ રેહાન મોચી બજારથી બાઇકમાંબેસી કાલાવડ રોડ ખાતે ચા પાણી પીવા જતાં હતાં ત્યારે મહિલા પોલીસ સ્ટેશનથી કિસાનપરા તરફ જતાં રેસકોર્ષ રીંગ રોડ બીગ બાઇટ નજીક સાહીલ કાદરી પરફ્યુમની સામે પહોંચતા આફતાબ ઉર્ફ બોદુ અને તેની સાથે શાહુ, બીજા એક્સેસમાં માહીદ, શબ્બીર અને અજાણ્યો હતો તેણે અમારા બાઇકની આગળ તેના વાહનો નાખી ઝઘડો કર્યો હતો. આફતાબ ઉર્ફ બોદુએ તે અગાઉ મને માર્યો હતો, હવે હું તને જાનથી મારી નાખીશ કહી ગાળો દેતાં મારો મિત્ર ઇરફાન ડરી જતાં તે ભાગી ગયો હતો. ત્યારબાદ એક્સેસની ડેકીમાંથી શાહુ અને અજાણ્યાએ કાચની બોટલો કાઢી હતી અને મને ગાળો દીધી હતી. આફતાબે છરી કાઢી મને છાતીની નીચે પડખામાં ઘા મારી દીધો હતો. શબલો પણ છરીનો ઘા મારવા જતાં મને વાંસામાં લાગી ગયો હતો. અજાણયાએ મને કાચની બોટલ માથામાં મારતાં ખસી જતાં જમણી આંખ પાસે ઇજા થઇ હતી. તેમજ કાચની છુટ બોટલનો ઘા શાહુએ કર્યો હતો. હું નીચે પડી જતાં માહીદ અને આફતાબે મને બેઠકના ભાગે છરીના ઘા મારી દીધા હતાં. હું ફરીનેઉભો થતાં મને છાતીમાં ઘા મારવા જતાં હાથ આડો રાખતાં હાથમાં ઇજા થઇ હતી.

આ બધાએ મને મારી નાખવા માટે જીવલેણ હુમલો કર્યો હતો અને લોહીલુહાણ કરી નાંખ્યો હતો. લોકો ભેગા થઇ જતાં આ બધાએ જતાં જતાં ધમકી આપી હતી કે તું હવે જીવતો નહિ રહી શકે, જો જીવી ગયો તો ફરી તને મારી નાખશું. એ પછી બધા ભાગી ગયા હતાં. ત્યાં મારો મિત્ર આદિલ અને તેના મિત્રો આવતાં મને હોસ્પિટલમાં લઇ ગયા હતાં. બે વર્ષપહેલા આફતાબ ઉર્ફ બોદુ સાથે મારે વાહન અથડાવા મામલે માથાકુટ થઇ હોઇ અદાવત રાખી મારા પર છરી, કાચની બોટલથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કરી ધકમી આપી હતી.

સામા પક્ષે કુવાડવા રોડ ડી-માર્ટ પાછળ શહીદ ઉધમસિંહ ટાઉનશીપ એફ-વીંગ ક્વાર્ટર નં. ૬૦૨માં રહેતાં એકવીસ વર્ષના આફતાબ ઉર્ફ બોદુ દિલાવરભાઇ ઠેબાની ફરિયાદ પરથી હુશેન ઉર્ફ અયાન બાવનકા અને અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. આફતાબે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ઘરે બેઠા દિવાની વાટ બનાવવાનું કામ કરી ગુજરાન ચલાવુ છું. શુક્રવારે રાતે સાડા બારેક વાગ્યે હું અને મારા મામાનો દિકરો માહિદ અનવરભાઇ જુણેજા (રહે. ભગવતીપરા) કેસરી પુલ પાસે ભેગા થયા હતાં. ત્યારે માહિદે કાલાવડ રોડ તરફ ચા-પાણી પીવા જવાની વાત કરતાં અમે બંને એક્સેસ પર રવાના થયા હતાં. રાતે પોણા એકાદ વાગ્યે રેસકોર્ષ રીંગ રોડ મહિલા પોલીસ સ્ટેશનથી થોડે આગળ પહોંચ્યા ત્યાં બાઇક પર બે જણા આવ્યા હતાં. જેમાં પાછળ બેઠેલો શખ્સ આર્યન ઉર્ફ હુશેન બાવનકા હતો. જેણે મને કહેલુ કે આપણે કેસ ચાલે છે તેમાં સમાધાન કરી લઇએ. ચાલુ ગાડીએ જ મેં તેને સમાધાન નથી કરવું તેમ કહેતાં તેણે બાઇક આગળ કરી એક્સેસ અટકાવી દીધુ હતું અને અયાને છરી કાઢી હુમલો કરી પેટમાં મારવા જતાં મેં છરી પકડી લેતાં હાથમાં ઇજા થઇ હતી. બીજા શખ્સે મને પકડી રાખ્યો હતો અને તેણે પણ નેફામાંથી છરી કાઢી મારતાં હું બચવા જતાં છરીનો ઘા જમણા હાથની કોણીમાં લાગી ગયો હતો. મામાનો દિકરો માહિદ વચ્ચે પડતાં તેને પણ આર્યને ઘુંટણમાં છરી મારી દીધી હતી.

ત્યાર પછી આ બંનેએ ઢીકાપાટુ માર્યા હતાં અને ગાળો દીધી હતી. અમે બચવા માટે આર્યનના હાથમાી છરી ઝુટ્વી લીધી હતી અને વળતો ઘા કરી આર્યનને ઇજા પહોંચાડી હતી. એ દરમિયાન લોકો ભેગા થઇ ગયા હતાં. ત્યારે આર્યને આજે તો તું બચી ગયો છો, હવે પછી તને મારી જ નાખવો છે તેમ કહી ધમકી આપી હતી. બે વર્ષ પહેલા આર્યન ઉર્ફ હુશેન અને તેના પરિવારના લોકો સાથે મારે વાહન અથડાવા પ્રશ્ને ઝઘડો થયો હોઇ તેની મેં ફરિયાદ કરી હતી. તે કેસ ચાલુ હોઇ તેમાં સમાધાન કરી લેવા કહી મને અને મામાના દિકરાને છરીથી ઇજા પહોંચાડાઇ હતી. પોલીસે બંને પક્ષની એફઆઇઆર નોંધી હતી.

### ગુજરાતમાં ડિજિટલ કૃષિ ક્રાંતિ

# e-NAM પ્લેટફોર્મ પર ૧૦ હજાર કરોડથી વધુની કૃષિપેદાશોનું વેચાણ

### ૧૪૪ મંડીઓ પોર્ટલ પર સંકલિત : ૮.૬૯ લાખથી વધુ ખેડૂતો પોર્ટલ પર જોડાયા

ગાંધીનગર, ૧૮

ભારતના ખેડૂતો તેમના કૃષિ ઉત્પાદનોનું ઓનલાઇન વેચાણ કરી શકે, તેમના ઉત્પાદનો માટે તેમને સ્પર્ધાત્મક ભાવ મળે અને તેમની આવકમાં વધારો થાય, તેવા ઉદ્દેશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ઇ-નામ પોર્ટલ ખેડૂતોને તેમની નજીકની ઇ-નામ મંડીઓ દ્વારા તેમની પેદાશોનો વેપાર કરવા અને વેપારીઓને કોઈપણ સ્થળેથી ઓનલાઈન હરાજી કરવા માટે સક્ષમ બનાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઇ-નામ પોર્ટલ પર ૮ લાખથી વધુ ખેડૂતોને જોડવામાં આવ્યા છે. ઇ-નામ પોર્ટલ પર ગુજરાતની ૧૪૪ મંડીઓને સંકલિત કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ઇ-નામ પ્લેટફોર્મ મારફતે ગુજરાતમાં ૨.૬૪ કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે, જેનું કુલ મૂલ્ય ₹૧૦,૫૩૫.૯૧ કરોડ છે. આમ, ઇ-નામ પોર્ટલ થકી ગુજરાતમાં ₹૧૦ હજાર કરોડથી પણ વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે. ઇ-નામ પોર્ટલ પર રાજ્યના લાખો ખેડૂતોને ટેક્નોલોજી સાથે જોડીને ગુજરાત ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિને સતત આગળ ધપાવી રહ્યું છે. ઉના બજાર સમિતિના પરબતભાઈ ગોવિંદભાઈ પટાટ છેલ્લા એક વર્ષથી ઇ-નામ પોર્ટલ પર જોડાયા છે અને મગફળીનું ઓનલાઇન વેચાણ કરી રહ્યા છે. તેઓ જણાવે છે કે સ્થાનિક બજારમાં વેચાણની સરખામણીએ ઓનલાઈન વેચાણથી ઘણો ફરક પડે છે. વેચાણની પ્રક્રિયા વધુ ઝડપી બની છે. અમને ખૂબ જ સારો ભાવ મળી રહ્યો છે. સ્થાનિક બજારની સાપેક્ષે અમને ૨૦૦થી ૫૦૦ રૂપિયા વધુ ભાવ મળે છે. જેનાથી અમારી આવકમાં ઘણો વધારો થયો છે.

પરબતભાઈ જણાવે છે કે, ઇ-નામ પોર્ટલ મારફતે મગફળીના વેચાણથી તેમની આવકમાં આશરે પાંચથી સાત ટકાનો વધારો નોંધાયો છે. તેઓ જણાવે છે કે ઇ-નામ પોર્ટલ ખેડૂતો માટે ખૂબ જ લાભદાયી છે. હવે અમારે પેમેન્ટની ઉપાધિ રહી નથી. પૈસા હવે સીધા ખાતામાં જમા થઈ જાય છે. માલ ઝડપથી વેચાઈ જાય છે. ઇ-નામ પોર્ટલ શરૂ કરીને કેન્દ્ર સરકારે દેશભરના ખેડૂતો માટે વેચાણની પ્રક્રિયા સરળ અને લાભદાયી બનાવી છે, જે માટે અમે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ખૂબ આભારી છીએ. ઇ-નામ પોર્ટલ જેવી પહેલ શરુ કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતાં હરેશભાઈ ઘોડાસરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુ કરેલા ઇ-નામ પોર્ટલ મારફતે ખેતપેદાશોનું ઓનલાઈન વેચાણ કરવાથી અમારા જેવા ખેડૂતોને અનેક ફાયદા થયા છે. સીધા વેપારી સાથે જોડાણ થવાથી અમને કમિશન લાગતું નથી અને પૈસા પણ સીધા ખાતામાં આવી જાય છે. સ્થાનિક બજારની સરખામણીમાં ઓનલાઈન વેચાણ કરીને અમને ૧૫થી ૨૦% જેટલો ફાયદો થાય છે. આજથી ૨૦ વર્ષ પહેલાં મારી પાસે કંઈ ન હતું,




પરંતુ આજે ઇ-નામ પોર્ટલના આર્થિક ફાયદાને કારણે અમે હવે માલ ઓનલાઈન જ વેચવાનું પસંદ કરીએ છીએ.ય-ગઅખ પ્લેટફોર્મ પર કૃષિ ક્ષેત્રના ૮ લાખથી વધુ ખેડૂતોને ડિજિટલ રીતે જોડીને, ટેક્નોલોજીને અપનાવીને, સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ખેડૂતોના કલ્યાણને પ્રાથમિકતા આપીને ગુજરાતે કૃષિ ક્ષેત્રમાં સુશાસનનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. આ પરિવર્તનકારી પહેલ ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવે છે, વિવિધ મંડીઓમાં ખેત પેદાશોના ભાવ વિશે ખેડૂતોને માહિતી પૂરી પાડે છે અને ગ્રામીણ ઉત્પાદકો અને રાષ્ટ્રીય બજારો વચ્ચેના અંતરને દૂર કરીને તેમને સીધો વેપાર કરવા સક્ષમ બનાવે છે. એટલે કે ગુજરાત માત્ર ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિનું નેતૃત્વ નથી કરી રહ્યું, પરંતુ પરિવર્તનકારી કૃષિ નીતિઓમાં અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિને પણ વધુ મજબૂત બનાવી રહ્યું છે.

## કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે દિવ્યાંગ સાધન સહાય કેમ્પ

### ૫૦૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ લીધો




રાજકોટ તા. ૧૮

રાજકોટ સ્થિત જૂની કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરાયું હતું. દિવ્યાંગોને વિવિધ યોજનાકીય સહાય મળે તે માટે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ, જિલ્લાના દરેક તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજવામાં આવ્યો છે. સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારતની અઉઈઙ સ્કીમના માધ્યમથી અલીમ્કો ઉજ્જૈન દ્વારા નિ:શુલ્ક દિવ્યાંગ સહાયક ઉપકરણ માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરાયું હતું.

જેમાં રાજકોટ શહેરના વોર્ડ નં. ૮થી ૧૪ વિસ્તારના આશરે ૫૩૦ લાભાર્થીઓએ વિવિધ યોજનાકીય લાભ લીધા હતા. ૮૦ લાભાર્થીઓના નવા ડોક્ટરી સર્ટીફિકેટ/યુડીઆઈડી કાર્ડ ઇસ્યુ, ૧૬ લોકોના પી.એમ.જે.એ.વાય. કાર્ડ ઇસ્યુ, ૨૩ લોકોના આભા કાર્ડ ઇસ્યુ, ૨૧૩ લોકોના આવાકના દાખલા કઢાવવામાં આવ્યા અને એલીમ્કો દ્વારા મોટરાઈઝ બેટરી બાઈક, ટ્રાઈસીકલ, વ્હીલચેર, ટી.એલ.એમ કીટ, કાખઘોડી, વોકિંગ સ્ટિક, હિયરિંગ એડ, સુગમ્ય કેન, સિલિકોન ફોમ, ટેટ્રા પોર્ડ, સેલ ફોન, અઉક કીટ, ફોલ્ડેબલ વોકર, જોયસ્ટીક વ્હિલચેર, ટ્રીપોડ સાઈઝ સહિતના સાધનો માટે ૩૫૭ લાભાર્થીઓને સહાયક ઉપકરણ મંજુર કરવામાં આવ્યા હતા. અને સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૨૫ લાભાર્થીઓને યોજનાકીય લાભો મંજુર કરવામાં આવ્યા હતા.

### જાત જાતની લોભામણી સ્કીમો થકી લોકોના બેંક ખાતા સફાચટ કરતી ટોળકી સક્રિય: લિંક ખોલતા પહેલા સો વખત વિચારજો

# નવુ ગતકડું: મોબાઈલ રિચાર્જ લિંકના નામે થાય છે ફ્રોડ

### પ્રતિષ્ઠીત કંપનીઓના નામે રિચાર્જના મેસેજ મોકલી લિંક ઓપન કરવા કહેવાય છે: ઓપન કરનાર બની જાય છે તુરત જ શિકાર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: સાયબર ગઠીયાઓ રોજ ઉઠીને એક ભુલો ત્યાં બીજો હાજર એ રીતે લોકોને છેતરવાનો નુસ્ખો તૈયાર રાખીને જ બેઠા હોય છે. હવે નવુ ગતકડુ સામે આવ્યું છે જેમાં પ્રતિષ્ઠીત કંપનીઓના નામે મોબાઇલ રિચાર્જની લલચામણી લિંક મોકલી ઓપન કરવાનું કહી મફતમાં રિચાર્જના નામે જે તે વ્યક્તિના બેંક એકાઉન્ટ સફાચટ કરી નાંખે છે. સમગ્ર દેશમાં ડિજીટલ ઇન્ટરનેટ યુગમાં હાલમાં ફાયદા સાથે નુકસાન પણ સામે આવી રહ્યું છે. લોકો ટેકનોલજીનો જેટલો વધું ઉપયોગ કરે છે તે સાથે નુકસાનની ભરપાઈ પણ કરવી પડે છે. નવું વર્ષ શરૂ થતાં જ મોબાઇલ રિચાર્જના નામે ફિશિંગ વેબસાઇટ લિંક સક્રીય થઈ છે અને તે લોભામણી જાહેરાત આપી તમારા મોબાઇલ નંબર આધારે સીધા ડેટા ચોરી અને તમારા એકાઉન્ટ ખાલી કરી નાખે છે. ત્યારે અજાણી લિંક પર ક્લિક કરતા પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે.

જાણવા મળ્યા મુજબ લેભાગુ ગઠીયાઓ પ્રતિષ્ઠિત મોબાઇલ રિચાર્જ કંપનીના નામે ઠગવાજો બેફામ બન્યા છે અને લોકોને ફિશિંગ લિંકના માધ્યમથી અશક્ય હોય તેવી લોભામણી જાહેરાતો આપી માયાજાળમાં ફસાવી છેતરપિંડી આચરે છે. ત્યારે લોકોએ જાગૃત થવાની જરૂર છે અને આવી કોઈ પણ અજાણી લિંકનો ઉપયોગ ન કરી અન્ય લોકોને ફોરવર્ડ ન કરવી જોઈએ. આ અંગે સાઈબર એક્સપર્ટ ૩૬૦ ડિગ્રી ચકાસણી કરવા જતા જ તેઓને પણ સાયબર માફિયાયે બ્લોક કરી દિધો હતો. આ અંગે જાણીતા સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે છેલ્લા દસ દિવસથી આ એક લિંક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. આ લિંકનું મેં ૩૬૦ ડિગ્રી માઇક્રો એનાલીસીસ કર્યું ત્યારે




મને બ્લોક કરી દિધો હતો. આ વેબસાઈટ જે છે તે ફિશિંગ વેબસાઈટ, માર્વેલ અને મેલેશિયસ વેબસાઈટ છે અને અહીંયાં આ ત્રણ પ્રકારની બાબતો સામે આવી છે.

તેમણે લોકોને ચેતવણી આપતાં કહ્યું હતું કે આ લોકો અશકય લોભામણી જાહેરાત આપે છે. જે રિચાર્જ ૩૯૯૯નું છે તે ૧૦૦૦ રૂપિયામાં આપવાની વાત કરે છે. સાથે જ અલગ અલગ લોભામણી જાહેરાતના ઘણા બધા પ્લાન જોવા મળી રહ્યા છે. આ લિંક માત્ર આપણા પૈસા જ નહીં, પરંતુ આપણા મોબાઈલનો ડેટા પણ ચોરી કરે છે અને મોબાઈલની અંદર પોતાનું ગ્રહણ લગાડી તમામ ડેટા ચોરી કરી લે છે. વધુમાં જણાવ્યું હતું કે ડીપીડીપી એક્ટ જેટલો કડક બની રહે છે તેટલા જ સાયબર માફિયાઓ અલગ અલગ રસ્તા અપનાવી લોકોના ખિસ્સા અને એકાઉન્ટ ખાલી કરે છે.

દરેક કંપનીના ખરાઈ કરવાં માટે પણ પોતાનાં સોર્સ અને એપ્લિકેશન હોય છે તેનો ઉપયોગ કરવો જોઈએ. સાથે આવી ખોટી લિંક પર ચેક કરવાં માટે ખોટો નંબર નાખશો તો પણ એ રિચાર્જ કરવાનું કહેશે. કારણ કે તેને માત્ર તમારા ડેટા અને પૈસાની જરુર છે, તમારા મોબાઇલ નંબર સાથે કોઈપણ જરુર નથી. વધુમાં જણાવ્યું હતું કે નવમી જાન્યુઆરીથી આ લિંક બહાર આવી છે અને અલગ અલગ નામથી આવે છે. સરકાર ગમે તેટલા આવા ડોમેન લોક કરે છતાં પણ તેઓ નવા નવા નામ દ્વારા સ્થાપિત થાય છે. ત્યારે લોકોએ જાગૃત થવાની જરૂર છે.

આવા ફ્રોડનો ભોગ બનતાં બચવા માટે લોકોએ કોઈપણ અજાણી લિંક પર ક્લિક કરવાનું ટાળવું જોઈએ, ઑફિશિયલ વેબસાઇટ કે એપ્લિકેશન્સનો જ ઉપયોગ કરવો જોઇએ, કોઈપણ અજાણી લિંક લોકો સુધી ના પહોંચાડવી જોઇએ, આવા પ્લાન સામે નજીકના સ્ટોર પર જઈ ચેક કરવું જોઈએ, આવી ફિશિંગ વેબસાઇડ પર ક્યારેય ક્લિક ન કરવું, જો કોઈ આવી લિંકમાં ફસાય છે તો ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ નોંધાવી જોઈએ.પ્રતિષ્ઠિત કંપની માટે પેમેન્ટ ઓપ્શન વધું હોય છે, તે ચેક કરવું જોઈએ. થોડી જાગૃકતા લોકો પોતે પણ કેળવે તો ફ્રોડથી બચી શકાય. એકલી સરકાર કે સાયબર ક્રાઇમ પોલીસ કંઇ ન કરી શકે. લોકોનો સહકાર જાગૃકતા પણ મહત્વના પાસા આ પ્રકારના ફ્રોડને અટકાવવા માટે ગણી શકાય છે.

### તમારા આધાર કાર્ડનો ખોટો ઉપયોગ છે, મુંબઇથી દુબઇ જતાં પાર્સલમાં ડ્રગ્સ અને પોલીસના આઇકાર્ડ છે કહી ડરાવ્યા

# કંપની ડિરેક્ટરને ડિજીટલ એરેસ્ટ કરી ૩૬ાા લાખ પડાવ્યા

**વિડીયો કોલ આવ્યો તે રિસીવ કરતાં સામે પોલીસ વરધીમાં બેઠેલા શખ્સે કહ્યું હું મુબઇ પીઆઇ છું: પછી એફઆઇઆરની કોપી મોકલીઃ જેમાં આરોપી તરીકે પોતાનું નામ જોઇ આધેડ ડઘાઇ ગયા અને ગઠીયાઓએ જેમ કહ્યું તેમ કરતાં છેતરાઇ ગયા**

રાજકોટઃ ડિજીટલ એરેસ્ટની ઘટનાઓ અટકતી જ નથી. મોબાઇલની કોલર ટ્યુન અને જાહેરમાં મસમોટા પોસ્ટરો લગાવીને સાયબર ક્રાઇમ પોલીસ, સરકાર લોકોને ડિજીટલ એરેસ્ટ કરતાં ગઠીયાઓથી બચવા માટે જાગૃત કરે છે. આમ છતાં લોકો છેતરાઇ રહ્યા છે, ફસાઇ રહ્યા છે અને નાણા ગુમાવી રહ્યા છે. વધુ એક આવા કિસ્સામાં એક આધરેડને તમારા પર ડ્રગ્સ અને મની લોન્ડરીંગનો આરોપ છે, તમને ડિજીટલ એરેસ્ટ કરવામાં આવે છે. કહી મુંબઇ પોલીસના નામે ઠરાવી ધમકાવી સાડા છત્રીસ લાખ પડાવી લેવાયા છે.

ફ્રોડની આ ઘટના અંજારના ગાંધીધામનાં આધેડ સાથે બની છે. તેમને અજાણ્યા નંબરથી વિડીયો કોલ કરી પોતાની ઓળખ મુંબઈ પોલીસની આપી આધેડ પર ડ્રગ્સ અને મની લોડરિંગનો કેસ થયો છે કહી ડરાવી ધમકાવી તેના પાસેથી કુલ ૩૬.૬૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. પોતાની મુંબઈ પોલીસમાં ઇન્સપેક્ટર તરીકે ઓળખ આપતા અજાણ્યા ઈસમે ફરિયાદીનાં વોટ્સઅપ નંબર પર મુંબઈ પોલીસ તરફથી ડ્રગ્સ અને મની લોડરિંગનું કેસ થયું હોવાનું કહી એફઆઈઆરની કોપી મોકલી આધેડ સાથે વોટ્સઅપ પર વિડીયો કોલ મારફતે પૂછપરછ કરી તેને ડરાવી અને ધમકાવી તેના પાસેથી પોતે મોકલેલા બેંક ખાતામાં આર. ટી. જી. એસ મારફતે રૂપિયા મંગાવી લઇ આધેડ સાથે ઠગાઇ કરી હતી.




વધુ માહિતી અનુસાર ગાંધીધામનાં વોર્ડ નં - ૧૦એ ગુરૂકુળની પાછળ રહેતા અને દિનદયાલ પોર્ટ ખાતે ટ્રાફિક ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે કામ કરતા સાંઈ એસ ચીવુકુલાએ ફરિયાદ નોંધાવી હતી કેઅગીયારમી જાન્યુઆરીનાં ફરિયાદીનાં મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. જેમાં સામાવાળાએ ફરિયાદીને પોતાની ઓળખ મુંબઈ પોલીસ તરીકે આપી જણાવ્યુ હતુ કે તમારા આધાર કાર્ડનો મિસયુઝ થયો છે. જેમાં તમારા નામે કોઈએ મુંબઈથી દુબઇ પાર્સલ મોકલાવ્યો છે. જેમાં પોલીસ યુનિફોર્મ, પોલીસનો આઈ કાર્ડ અને ડ્રગ્સ મળેલ છે તેમ કહી તમને અમારા ઉપલા અધિકારી ફોન કરશે કહી ફોન રાખી દીધો હતો. ત્યારબાદ ફરિયાદીને એક અજાણ્યા નંબરથી વોટ્સઅપ પર વિડિયો કોલ આવ્યો હતો. જેમાં સામાવાળો પોલીસ વર્ધીમાં બેઠો હતો અને પોતાની ઓળખ મુંબઈ પોલીસમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે આપી ફરિયાદીને વિડિઓ કોલમાં ફરિયાદીને કહયું હતુ કે, તમારૂ નામ મની લોડરિંગ અને ડ્રગ્સમાં આવ્યુ છે.

આગળ કહ્યું કે તમે જે સાચું હોય એ કહી દયો નહીંતર તમારા પર કડક કાર્યવાહી કરવામાં આવશે કહી ધમકાવ્યો હતો અને ફરિયાદીને એક એફ. આઈ. આર મોકલી હતી.

જેમાં ફરિયાદી પર મની લોડરિંગનું કેસ થયું હોય એમ લખેલુ હતુ અને મુંબઈ પોલીસનાં સહી સિક્કા વાળું લેટર જોઈ ગભરાઈ ગયો હતો. જેનું લાભ લઇ સામા વાળાએ ફરિયાદીને કેસમાં બચવું હોય તો રૂપિયા આપવા પડશે તમારા પુરા પરિવારની માહિતી અમારા પાસે છે કહી ધાકધમકી કરી હતી. જેથી ફરિયાદી ગભરાઈને સામા વાળાએ વોટ્સઅપ પર મોકલેલા બેંક એકાઉન્ટ નંબર પર આર. ટી. જી. એસ મારફતે પ્રથમ કુલ રૂ. ૧૮,૩૧,૫૨૦ ટ્રાન્સફર કરી દીધા હતા. જે બાદ ગત પંદર જાન્યુઆરીનાં ફરી અજાણ્યા નંબરથી ફરિયાદીનાં મોબાઈલ ફોન પર વોટ્સઅપ કોલ આવ્યો હતો જે આટલા રૂપિયાથી કંઈ નઈ થાય હજુ રૂપિયા મોકલવા પડશે નહિતર આપને પૂછપરછ માટે મુંબઈ બોલાવવામાં આવશે.

આ પછી તમને નેવુ દિવસની કસ્ટડીમાં રાખવામાં આવશે તેમ કહેતાં ફરી એક વાર ગભરાઈને સામા વાળાએ મોકલેનાં બેંક ખાતામાં વધુ રૂ. ૧૮,૩૧,૫૨૦ ટ્રાન્સફર કરી એમ બે ટ્રાન્જેકશનમાં કુલ રૂ. ૩૬,૬૩,૦૪૦ પડાવી લીધા હતા. જે બાદ પણ અવાર નવાર ફરિયાદીને ફોન કરી સામા વાળા અજાણ્યા શખ્સે માનસિક ત્રાસ આપી વધુ રૂપિયાની માંગણી કરી હતી.

જેથી અંતે ફરિયાદીએ સમગ્ર બનાવ અંગે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકારના ફ્રોડથી ચેતવાની જરૂર છે. આવુ કોઇપણ પ્રકારની એરેસ્ટની પધ્ધતી નથી.

# યુવતીએ લગ્નની ના પાડતા ધરારપ્રેમીએ પીધું એસીડ

### શ્યામ કિરણ સોસાયટીનો બનાવ : જયપ્રકાશનગરના અસલમે અકળ કારણોસર તેજાબી પ્રવાહી પી લેતા સારવાર હેઠળ



રાજકોટ, તા.૧૮

શહેરમાં આજે જુદા જુદા બે બનાવમાં બે યુવાનોએ આત્મહત્યાની કોશિશ કરતા બંનેને સારવાર માટે દવાખાને ખસેડાયા છે. એક બનાવમાં ગમતી યુવતીએ લગ્નની નાં પાડતા અને બીજા બનાવમાં અકળ કારણોસર તેજાબી પ્રવાહી પી લીધાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ પાસેથી મળેલી વિગતો મુજબ આજીડેમ ચોકડી નજીક માંડાડુંગર વિસ્તારમા આવેલી શ્યામકિરણ સોસાયટીમા રહેતા મીહીર મનોજભાઇ વાળા નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના એસીડ પી લીધુ હતુ. દરમિયાન તેમને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો.

પ્રાથમીક પુછપરછમા મીહીર ૩ ભાઇમા વચેટ છે અને તેને પસંદ પડેલી યુવતી સાથે લગ્ન કરવા હતા, પરંતુ યુવતીએ લગ્ન કરવાની ના પાડતા તેમણે એસીડ પી લીધુ હોવાનુ પોલીસે જણાવ્યું હતું. આ ઉપરાંત બીજા બનાવમા જયપ્રકાશ નગરમા રહેતા અસ્લમ શીરાજભાઇ કનીરી નામનો ૩૦ વર્ષનો યુવાન બપોરના સમયે પેડક રોડ પર બાલક હનુમાન મંદિર નજીક હતો ત્યારે કોઇ અગમ્ય કારણસર જવલનશીલ પ્રવાહી પી લીધુ હતુ. તેમને પણ સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો.

# હડમતીયા ગામે ગાંજાનું વાવેતર ઝડપાયું

### રાજકોટ ગ્રામ્ય SOGનો દરોડો : રૂ.૨૪,૧૬૦ના ગાંજાના ૩૦ છોડ સાથે ખેડૂત ખોડા રોજાસરાની ધરપકડ



રાજકોટ, તા.૧૮

જસદણના હડમતીયા ગામે ખેડૂતે પોતાના ખેતરમાં ગાંજાનું વાવેતર કર્યું હોવાની બાતમી પરથી રાજકોટ રૂરલ એસઓજીએ હડમતીયામાં ત્રાટકીને ખેડૂતને ગાંજાના ૩૦ છોડ(રૂ.૨૪ હજાર)સાથે દબોચી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવએ નાર્કોટીક્સ પદાર્થ વેચનાર તથા હેરાફેરી કરનારા ઇસમોની હકિકત મેળવી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી.

તે અંતર્ગત રાજકોટ જીલ્લા પોલીસ વડા હિમકરસિંહએ રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં નાર્કોટીક્સ અંગે વધુમાં વધુ કેસો કરવા તથા નાર્કોટીકસના વ્યસનથી યુવાધનને અટકાવવા માટે સંબંધિત પોલીસ સ્ટાફને સુચના આપી હતી. જે અનુશંધાને એસ.ઓ.જી પો.ઇન્સ એફ.એ.પારગી, પો. સબ.ઇન્સ બી.સી.મિયાત્રાએ એસ.ઓ.જી.ના સ્ટાફ સાથે જસદણ પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે હેડ.કોન્સ. હિતેશભાઇ અગ્રાવત અને કોન્સ્ટેબલ વિજયગીરી ગોસ્વામીને સંયુકત બાતમી મળી હતી કે જસદણના હડમતીયા ગામે ખોડા વાઘજીભાઇ રોજાસરા (રહે ખાંડા હડમતીયા ગામની ઉગમણી સીમ તા.જસદણ જી.રાજકોટ) એ પોતાની વારસાઇની વાડી(ખેતર) માં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ-માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કર્યું છે.

બાતમીના આધારે ખોડા રોજાસરાના ખેતરમાં દરોડો પાડતા ગાંજાના ૩૦ લીલા છોડ(૨ કિલો ૪૧૬ ગ્રામ, કિ.રૂ.૨૪,૧૬૦/) આ ખેડૂત ઝડપાઈ ગયો હતો. એસઓજીએ ખેડૂત અને મુદ્દામલ સાથે સાથે જસદણ પો. સ્ટેમાં એન.ડી.પી.એસ.એકટ મુજબ ગુન્હો નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. પોલીસ તપાસમાં ખેડૂતે એ વાતની કેસેટ વગાડી હતી કે ખેતી કરતા કરતા કરજ વધી જતા, જલ્દી પૈસાવાળા બનવા અને દેણું ઉતારવા ગાંજાનું વાવેતર કર્યું હોવાની વિગતો બહાર આવી છે.

આ ખેડૂતને પકડવામાં રાજકોટ રૂરલ એસઓજીના પીઆઇ એફ.એ.પારગી, પી.એસ.આઇ. બી.સી. મિયાત્રા, એ.એસ.આઇ. જયવિરસિંહ રાણા, સંજયભાઇ નીરંજની, ઇન્દ્રસિંહ જાડેજા, અમીતભાઇ કનેરીયા, અતુલભાઇ ડાભી તથા પો.હેડ.કોન્સ. હિતેશભાઇ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા, પ્રહલાદસિંહ રાઠોડ, શીવરાજભાઇ ખાચર તથા.પો.કોન્સ વિજયગીરી ગોસ્વામી, રઘુભાઇ ઘેડ, ચીરાગભાઇ કોઠીવાર તથા ડ્રા.પો.હેડ. કોન્સ. નરશીભાઇ બાવળીયા રોકાયા હતા.

## અવસાન નોંધ

**જેતપુર :** જેતપુર નિવાસી આશાબેન પ્રકાશભાઈ ભાગવાણી(ઉ.વ.૭૦) તે સ્વ. પ્રકાશભાઈ ભાગવાણીના પત્ની, મનીષભાઈ, વિજયભાઈ ભાગવાણી(આનંદ સાઉન્ડ-જેતપુર.રાજકોટ.)વાળા ના માતાનું તા. ૧૭ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૧૯ને રવિવારે, સાંજે ૪ થી ૫, તેમજ પધડીયુ સાંજે ૫-૦૦ કલાકે વણિકસમાજની વાડી, કણકીયા પ્લોટ, જેતપુર ખાતે રાખેલ છે.

**ગોંડલ :** ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ સરલાબેન ગજેન્દ્રભાઈ મહેતા (ઉ.વ. ૮૧) તે વિમલભાઈ, કલ્પેશભાઈ, ભાવનાબેન વિપુલ ભાઈ રાવલ (જૂનાગઢ) ના માતા તે સ્વ.બિપીનભાઈ મહેતા, સ્વ.કમલેશભાઈ, , મનિષભાઈ (રેલવે રાજકોટ), હિરેનભાઈ( રેલવે રાજકોટ)ના કાકી, સ્વ. ભાઈલાલભાઈ કે. ભટ્ટ (સુવાસ લોજ વાળા)ના દીકરી તથા બિપીનભાઈ બી. ભટ્ટ (મસ્કત) ના બહેન નું ૧૫ ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૨૦ ને સોમવારે. સાંજે ૪.૩૦ થી ૬.૩૦, હેમ વાડી, જુનો સિમેન્ટ રોડ, ૧૭,સ્ટેશન પ્લોટ ગોંડલ રાખેલ છે.

**ગોંડલ :** મુળ નવાગામ હાલ ગોંડલ જનકબા અનુભા જાડેજા તે મોહનસિહ (ક્રિકેટર)પૃથ્વીસિહ (માજી પ્રમુખ નગરપાલિકા) બલદેવસિહ(પુજા ટ્રાવેલ્સ)મયુરધ્વજસિહ(અક્ષર ગેસ્ટહાઉસ) સ્વ.જ્ઞાનદેવસિહ(ગુણીભાઇ)નાં માતુશ્રી,ક્રીપાલસિંહ (કારોબારી અધ્યક્ષ નગરપાલિકા)મહીપાલસિહ, કૃષ્ણકુમારસિહ,દુષ્યંતસિહ, કશ્યપસિહ,મહીદીપસિંહ તથા પુષ્પરાજસીહનાં દાદીમાનું તા.૧૮ નાં રોજ અવસાન થયુ છે.બેસણુ તા.૨૦ ને સોમવારે, સાંજે ૪ થી ૬, રામ ટ્રાવેલ્સ, યોગીનગર મેઇનરોડ, ગોંડલ ખાતે રાખેલ છે.

# મવડીમાં યુવાન પર પત્ની-પુત્રનો હુમલો

### તાપણું કરી બેઠો'તો પણ પુત્ર અને પત્નીને ન ગમતા કર્યો હુમલો : કોઠારિયા અને જામનગર રોડ પર બે મહિલાને લમધારતા બે પતિદેવ સામે ગુન્હો



રાજકોટ, તા.૧૮

મવડી વિસ્તારમા આવેલી પંચશીલ સોસાયટીમા રહેતો યુવાન તાપણુ કરીને તાપતો હતો ત્યારે પત્ની પુત્રને સારૂ નહી લાગતા માર માર્યો હતો. યુવકને ઇજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ વિગત મુજબ મવડી વિસ્તારમા આવેલી પંચશીલ સોસાયટીમા રહેતો લાખા ખીમજીભાઇ વાઘેલા નામનો ૪૩ વર્ષનો યુવાન સાંજના સમયે ઘરે તાપણુ કરીને તાપતો હતો જે અંગે પત્ની મીનાક્ષીબેન અને પુત્ર આર્યનને સારુ નહી લાગતા લાખાભાઇ વાઘેલાને લાકડી વડે માર માર્યો હતો.

અન્ય બનાવમા કોઠારીયા રીંગ રોડ પર મામા પીરના મંદિર પાસે રહેતી દિપાદેવી જયજયરામ ગૌતમ નામની ૨૪ વર્ષની પરણીતા અને જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમા રહેતી ભુમીબેન રાહુલભાઇ વાળોદરા નામની ૧૮ વર્ષની પરણીતા પોતાના ઘરે હતી ત્યારે બંનેના પતિએ ઝઘડો કરી માર માર્યો હતો મારામારીમા ઘવાયેલી બંને પરણીતા સહીત ત્રણેય ઇજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા હતા. ઉપરોકત બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી શરુ કરી છે.

# કાલથી શાળા સલામતી સપ્તાહ ઉજવણીનો પ્રારંભ

### ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક તથા આગ અકસ્માત સહીત આપત્તિ સમયે સાવચેતી અંગે જન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરાશે

રાજકોટ, તા.૧૮

ગુજરાત રાજ્યમા બહુવિધ આપત્તિઓના જોખમ સામે બાળકો સમજદારીપૂર્વક વલણ અપનાવે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી દર વર્ષે રાજ્યમાં 'શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે તા. ૨૦ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી દરમિયાન સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવશે. સપ્તાહ ઉજવણીના પ્રથમ દિવસે તા.૨૦ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યવ્યાપી કાર્યક્રમનો શુભારંભ કરાવવામાં આવશે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન જીલ્લા તથા મહાનગરપાલિકાની શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ફાયર ફાયટીંગ ડેમોન્સ્ટ્રેશન, ગ઼઼઼઼/જ઼઼઼઼નું રેસ્ક્યુ નિદર્શન, ૧૦૮/ઇન્ડિયન રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ, ઈ઼઼઼ દ્વારા ભૂકંપ વિષયક પ્રેઝન્ટેશન, રોડ સેફ્ટી,ઔદ્યોગિક એકમોના સેફ્ટી અને ફાયર વિભાગ સહિતના કાર્યક્રમો હાથ ધરાશે. આ ઉપરાંત પ્રાથમિક સારવાર અંગે માહિતી, ચિત્ર, વકૃત્વ અને નિબંધ સ્પર્ધા અને ઇનામ વિતરણ સહિતના અનેકવિધ કાર્યક્રમો દ્વારા શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને સંભવિત આપદાઓ સામે જાગૃત કરી બચાવ અંગે સક્ષમ બનાવાશે.

### આયુષમાન અને આધારકાર્ડનું સેવા કેન્દ્ર ચલાવતો યુવાન રામોદ ઘરે જવા બપોરે બે વાગ્યે નીકળ્યા પછી બનાવ

# રામોદના યુવાનની સરધારના સર ગામે ક્રુર હત્યા

### બત્રીસ વર્ષનો યુવાન ત્રણ બહેનનો એક જ ભાઈ હતોઃ એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવીઃ ભેદ ઉકેલવા આજીડેમ પોલીસ, ડીસીબી, પીસીબીએ શરૂ કરી તપાસ


સ્વામીજી સાથે મૃતક ગીરીશ રાઠોડ દેખાઈ છે

રાજકોટ મિરર, તા.૧૮

રાજકોટ શહેર અને જીલ્લા વિસ્તારમાં હત્યાનો સિલસિલો સમયાંતરે ચાલુ જ રહે છે. ગુન્હેગારોમાં પોલીસનો ડર ગાયબ થઇ ગયો હોવાનું કહેવાય છે. આ વા સમયે ફરી હત્યાની એક ઘટનાથી જીલ્લા પંથકમાં સનસનાટી મચી ગઇ છે. કોટડા સાંગણી તાબેના રામોદ ગામના રહીશ યુવાનને શહેરના આજીડેમ પોલીસ મથક હેઠળના સર ગામે ક્રુરતાથી રહેંસી નાખી ફેંકી દેવાતા ચકચાર જાગી છે. બનાવનો ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે.

બનાવ અંગે વધુ મળતી વિગતો મુજબ કોટડા સાંગાણીના રામોદ ગામે રહેતા ગિરીશ દિલીપભાઈ રાઠોડ નામના ૩૨ વર્ષના યુવાનની રાજકોટના સરધાર નજીક આવેલા સર ગામ પાસે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ક્રુર હત્યા કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યા મુજબ હત્યાનો ભોગ બનનાર યુવાન ગીરીશ રાઠોડ સરધાર ગામના બસ સ્ટેશન પાસે અયુષ્યમાન અને આધાર કાર્ડનું સેવા કેન્દ્ર ચલાવવાની સાથે સાથે ઈલેક્ટ્રીક કામ પણ કરતો હતો.

બપોરે બે વાગ્યે તે સરધારથી બાઈક લઈને પોતાના ઘેર રામોદ ગામે જવા નીકળ્યો હતો. જ્યાં તે ચાર વાગ્યે પહોંચવાનો હતો. પણ ન પહોંચતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. દરમિયાન સર ગામમાં એક યુવાનની લાશ પડી હોવાની જાણ પરથી ગામના સરપંચ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ત્યાં પડેલા મૃતકના મોબાઈલ ફોનમાંથી ફોન કરવામાં આવતાં ફોન મૃતકના બનેવીએ ઉપાડચો હતો અને એ રીતે લાશની ઓળખ થઈ હતી.

હત્યાના બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર અશોકસિંહ બી.જાડેજા, પીએસઆઇ જનકસિંહ. જી. રાણા, હારૂનભાઇ ચાનિયા, લક્ષ્મણભાઈ, મેરૂભા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. તેમજ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો અને એલસીબીનો કાફલો પણ પહોંચ્યો હતો. મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી તપાસ શરૂ કરાઇ હતી.

ગિરિશની હત્યા કોણે અને શા માટે કરી? ગીરીશ સાથે કોઈની માથાકૂટ ચાલતી હતી કે શું ? બનાવની ભીતરમાં કોઈ યુવતી કે સ્ત્રી પાત્ર કારણભૂત છે કે શું ? પારિવારિક પ્રશ્નોને લઈને હત્યાને અંજામ આપાયો છે ? હત્યામાં કોઈ જાણભેદુનો હાથ છે ? રૂપિયાનો મામલો છે કે કેમ ? હત્યાના કારણમાં સર ગામ કે રામોદનો કોઈ મામલો છે ? વિગરે બાબતે તલસ્પર્શી તપાસ માટે આજીડેમ પોલીસ ઉપરાંત ડીસીબી, પીસીબી પોલીસની ટીમોએ ચારેબાજુ તપાસના ઘોડા દોડાવ્યા છે. જીલ્લા પોલીસ વડાને ઉચિત લાગશે તો આ હત્યાના બનાવમાં રૂરલ એસઓજી પોલીસની ટીમોને પણ તપાસમાં જોડશે તેવી વિગતો સંભળાઈ છે.બનાવથી રાઠોડ પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

### માસુમ પરથી પિતાની છત્રછાયા ઉઠી

ગીરીશભાઈની ભેદી હત્યાથી રાઠોડ પરિવારમાં કસ્ત્રણાંતિકા છવાઈ ગઈ છે. કેમકે મૃતક ગીરીશને સંતાનમાં એક નાનકડો પુત્ર છે. જેમણે માસુમિયતમાં જ પિતાની છત્રછાયા ગૂમાવી દીધી છે. કસ્ત્રણા ત્યારે બેવડાતી સાંભળવા મળી કે, ગીરીશ ત્રણ-ત્રણ બહેનોનો એકનો એક રાખડીબંધો ભાઈ હતો. પરિવારમાં કોણ-કોને ? છાનું રાખે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે.

# પહેલા પેટ્રોલ બોંબ ફેંકી સીન નાખ્યા, પકડાયા પછી કહ્યું-ભુલ થઇ ગઇ!

## ભગતસિંહજી ગાર્ડન પાસે નકળંગ હોટલને સળગાવવાનો પ્રયાસ કરનારાની પોલીસે હવા કાઢી નાખીઃ કામગીરી નિહાળવા લોકોના ટોળા ઉમટી પડ્યા

રાજકોટઃ શહેરમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને પડકારતી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. પહેલા સીનસપાટા કરી લેનારાઓ બાદમાં ઝડપાઇ જાય પછી પોલીસ હવા કાઢી નાખતી હોય છે. આવા જ એક ગુનામાં યુનિવર્સિટી રોડ પર ભગતસિંહજી ગાર્ડન પાસે નકળંગ ટી-સ્ટોલ ખાતે પાન-મસાલાના સો રૂપિયા બાબતે માથાકુટ કરી મારામારી કરી ચાર શખ્સોએ પેટ્રોલ બોમ્બ ફેંકી હોટલ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ગુનામાં યુનિવર્સિટી પોલીસે એક સગીર સહિત બે આરોપીને અને ક્રાઇમ બ્રાંચે એક આરોપીને દબોચી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. સગીર સિવાયના બે આરોપીઓને પોલીસ ઘટના સ્થળે લઇ ગઇ હતી અને રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ત્યારે બંનેએ હવે પછી આવુ નહિ કરીએ, ભુલ થઇ ગઇ કહી માફી માંગી હતી.

ગોવર્ધન ચોક ખોડિયારનગર-૧૯માં રહેતાં હોટલ સંચાલક ચાલીસ વર્ષીય જીલાભાઇ ઉર્ફ મુન્નાભાઇ સવાભાઇ સીરોડીયાની ફરિયાદ પરથી પોલીસે જયદેવ રામાવત અને ચિરાગ બાવાજી તથા બે અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મકર સંક્રાતિની રાતે અજાણ્યો શખ્સ હોટલે પાન મસાલાના ૧૦૦ રૂપિયા બાબતે માથાકુટ કરી ઝપાઝપી કરી મારામારી કરી ભાગી ગયા બાદ રાતના ફરી ત્રણ સાગ્રીતો સાથે હોટેલ પાસે આવી કાચની બોટલમાં પેટ્રોલ કે જ્વલનશીલ પ્રવાહી ભરી સળગાવી આ બોટલ હોટલમાં ફેંકી હોટલ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ગુનામાં યુનિવર્સિટી પોલીસ મથકના હેડકોન્સ. વિરેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. ગોપાલસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાની બાતમી પરથી મુખ્ય આરોપી જયદેવ મહેશભાઇ રામાવત (રહે. ગુ.હા. બોર્ડ ક્વાર્ટર, બ્લોક નં. ૨૭/૫૯૨, ભગતસિંહજી ગાર્ડન નજીક) તથા એક સગીરને પકડી લીધા છે.

આ બંને પાસેથી બે એક્સેસ ટુવ્હીલર કબ્જે કરાયા છે. જીલાભાઇ ઉર્ફ મુન્નાભાઇ સિરોડીયા હોટલ સાથે પાનનો ગલ્લો પણ ધરાવે છે. પાનના ગલ્લે તેના માસીના દિકરા સાહિલ બેઠા હોઇ અજાણ્યાએ પાન-મસાલા લઇ મેં તમને સો રૂપિયા દીધા છે કહી બાકીના



પાછા માંગતા સાહિલે તમને પચાસ જ દીધા છે તેમ કહેતાં એ શખ્સે કેમેરા ચેક કરી લ્યો કહી ડખ્ખો કર્યો હતો. તેમજ જીલાભાઇએ ભલે જે દીધા હોય એ સો રૂપિયા પાછા લઇ લો, માથાકુટ નથી કરવી તેમ કહેતાં એ શખ્સે હું કંઇ ભીખારી નથી કહી મારામારી કરી હતી. બાદમાં ત્રણ શખ્સો સાથે મળી પેટ્રોલ બોમ્બ હોટલ પર ફેંક્યા હતાં. જયદેવ અને સગીરને યુનિવર્સિટી પોલીસે દબોચ્યા બાદ ત્રીજા આરોપી ચિરાગ શૈલેષભાઇ જલાલજી (ઉ.વ.૨૦-રહે. આકાશવાણી ચોક ભગતસિંહજી ક્વાર્ટર બ્લોક નં. ૩૦/૬૩૬)ને હેડકોન્સ. સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, કોન્સ. તુલસીભાઇ ચુડાસમાની બાતમી પરથી પકડી લેવાયો હતો. આરોપીઓને શોધી કાઢવાની આ કામગીરી પોલીસ ઇન્સપેક્ટર એચ. એન. પટેલ, પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, પીએસઆઇ એમ. કે. મોવલીયા તેમજ એએસઆઇ જગમાલભાઇ ખટાણા, હેડકોન્સ. મહિપાલસિંહ, વિરન્દ્રસિંહ, ક્રિપાલસિંહ, વિરદેવસિંહ, વીજુભા જાડેજા, પ્રતાપસિંહ મોચા, જીજ્ઞેશભાઇ મારૂ, કોન્સ. વનરાજભાઇ, ગોપાલસિંહ, દિવુભા જાડેજા સહિતે કરી હતી. બંને આરોપીઓને બપોરે ઘટના સ્થળે લઇ જઇ પોલીસે રિ-કન્સ્ટ્રકશન કરાવતાં અને પુછતાછ કરતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. બંનેએ હવે પછી આવુ નહિ કરીએ તેમ કહી માફી માંગી હતી. આ દ્રશ્યો જોવા લોકોના ટોળા ઉમટી પડ્યા હતાં.

---

સાથે જીવવા મરવાના સોંગધ નિભાવવાની સાથે ગુનાગીરીમાં પણ 'હમ સાથ સાથ હૈ'!

# સારવારનો ખર્ચ કાઢવા દંપતિ લૂંટના રવાડે ચડ્યું: ચાર વૃધ્ધાને ઘેની પીણા પાઇ દાગીના લૂંટ્યા'તા

## તાલુકા પોલીસના હરપાલસિંહ જાડેજા, જયપાલસિંહ, મહાવીરસિંહની બાતમી પરથી બાવન-બાવન વર્ષના પતિ-પત્નિને પકડી દાગીના-રોકડ કબ્જે કરાયા

રાજકોટઃ જુદા જુદા વિસ્તારોમાં ચાર વૃધ્ધાઓને નિશાન બનાવી અજાણ્યા સ્ત્રી-પુરૂષે આ વૃધ્ધાઓને ઘેની ચા, સરબત, લચ્છી, સોડા પાઇ બેભાન કરી માર મારી રોકડ, દાગીના, મોબાઇલ ફોન લૂંટી લીધા હતાં. આ ચારેય ગુનાઓનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી બાવન-બાવન વર્ષના પતિ-પત્નિને પકડી લઇ દાગીના સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. દંપતિ પૈકી પત્નિ બીમાર રહેતી હોઇ તેની દવા સારવારનો ખર્ચ કાઢવા બંને લૂંટના રવાડે ચડી ગયા હોવાનું બંનેએ રટણ કર્યુ હતું.



શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ચાર વૃધ્ધાઓઅને ભોળવી દવાખાનાનું સરનામુ બતાવવાના નામે, તમે મારા દિકરી જેવા છો તમને ઠંડુ પીવડાવવું છે તેમ કહીને તેમજ તમને ચક્કર આવતાં હોય તો આરામ કરો, તમને ઠંડુ પીવડાવીએ તેમ જણાવી વૃધ્ધાઓને ઘેની ચા, સોડા, લચ્છી, સરબત પાઇ અર્ધબેભાન કરી લાફા મારી રોકડા-દાગીના લૂંટી લેવાની ચાર ઘટનાનો તાલુકા પોલીસે ભેદ ઉકેલી મુળ ભાવનગરના મહુવાના અને વર્ષોથી રાજકોટ રહેતાં તેમજ હાલ મવડી રામધણ પાછળ ઝૂપડામાં રહેતાં એભા કમાભાઇ વાઘેલા અને તેની પત્નિ નાથી એભાભાઇ વાઘેલાને તાલુકા ડી. સ્ટાફના હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, કોન્સ. જયપાલસિંહ સરવૈયા, કોન્સ. મહાવીરસિંહ જાડેજાની બાતમી પરથી પકડી લેવાયા છે.

આ બંનેની ઉમર બાવન-બાવન વર્ષની છે. તેમની પાસેથી ચારે ગુનાનો મુદ્દામાલ સોનાની બુટી, દાણો, રોકડા, સોનાના કાપ, કાનની નખલી, બુટીયા, બુટી મળી કુલ રૂા. ૨,૧૧,૫૦૦ના દાગીના અને રોકડા રૂા. ૫ હજાર, મોબાઇલ ફોન કબ્જે કરાયા છે. આ બંને પતિ-પત્નિ છુટક મજૂરી કરે છે. જે પૈકી પત્નિ નાથી બિમાર રહેતી હોઇ દવા સારવારનો ખર્ચ કાઢવા પૈસાની જરૂર પડતાં એક વૃધ્ધાને બેભાન કરી રોકડ-દાગીના લૂંટી લીધા બાદ બીજા ત્રણ ગુના આચરી લીધા હતાં.

નાથીની ઉંઘની દવા ચાલુ હોઇ તેનો પાવડર કરી તેઓ જે તે વૃધ્ધાને ઠંડાપીણા, ચામાં ભેળવીને પાઇ દેતાં હતાં. આવો પાવડર અને એક મોપેડ પણ કબ્જે કરાયા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીની સુચના અનુસાર પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરા, પીએસઆઇ બી. આર. ભરવાડ, હેડકોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા, અજયભાઇ ભુંડીયા, કોન્સ. નિકુંજભાઇ મારવીયા, ઉગાભાઇ બાળા, જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા, સંજયભાઇ માંડાણી, અક્ષયભાઇ નાથાણી, પુષ્પાબેન પરમાર અને નયનકુંવરબા ચુડાસમાએ આ કામગીરી કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે વૃધ્ધ વડીલો એકલા બહાર નીકળે ત્યારે અજાણ્યા લોકો પર ભરોસો ન કરવો, ચા કે બીજા પીણા પીવા નહિ. કોઇ જબરદસ્તીથી વાત કરવાનો કે ઓળખાણ કાઢવાનો પ્રયાસ કરે તો બૂમાબૂમ કરી આજુબાજુના લોકોનું ધ્યાન દોરવું. ઘરેથી વડીલો બહાર જાય ત્યારે ઘરના બીજા સભ્યોના નંબર તથા પોલીસના નંબર સાથે રાખવા, મોબાઇલ હોય તો સ્પીડ ડાયલમાં આ નંબર રાખવા અને નંબર કેમ ડાયલ થાય તે શીખવવું. ઝડપાયેલા એભા અને નાથીએ આવા બીજા કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

---

# રીલ્સના ચક્કરમાં કાયદા કાનૂનનો ભંગ ચાર સગીર સહિત ૯ના બાઇક પર સ્ટંટ

## ભક્તિનગર પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયા અને ટીમે તમામને શોધી કાઢ્યાઃ વાહનો કબ્જે લેવાયા

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર અલગ અલગ લવરમુછીયાઓ રીલ્સ બનાવવા કે પછી સોશિયલ મિડીયામાં પોતાનો અલગ માભો પાડવાના ઈરાદા સાથે કાયદા કાનૂનનો ભંગ કરી લેતાં હોય છે. વધુ એક વખત કેટલાક શખ્સોએ દેવપરા કોઠારીયા રોડ વિસ્તારમાં બાઇ પર બેસી સ્ટંટ કર્યા હતાં. આ અંગેની રીલ્સ વાયરલ થતાં પોલીસે તપાસ કરી હતી. ભક્તિનગર પોલીસે તપાસ બાદ ચાર સગીર સહિત નવ જણા સામે ગુનો નોંધી તેને પકડી લઇ વાહનો પણ કબ્જે કરી કાયદાનું ભાન કરાવવાની કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો કેટલાક શખ્સો અલગ અલગ બાઇક પર સવાર થઇ રોડ પર ધૂમ સ્પીડથી નીકળી તેમજ ચાલુ બાઇક પર ઉભા થઇ સ્ટંટ કરતાં હોય તેવા રીલ્સ સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતાં. આ વિડીયોમાં એક બેક ગ્રાઉન્ડ ગીતમાં પોતાની જાતથી લોકો ફફડે છે એ પ્રકારના શબ્દોવાળુ ગીત મુકાયુ હતું. આ વિડીયો કોઠારીયા રોડ પર દેવપરા મેઇન રોડ વિસ્તારનો હોવાની માહિતી મળતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીએસઆઇ એમ. એન. વસાવા, નિલેષભાઇ મકવાણા, દિલીપભાઇ બોરીચા, કરણભાઇ કોઠીવાલ,




રાજદિપસિંહ જાડેજા, મનિષભાઇ ડાંગર સહિતની ટીમે તપાસ કરતાં આ સ્ટંટ કરનારાઓમાં સાગર જગદીશભાઇ મેવાસીયા (સહકાર મેઇન રોડ, ઘનશ્યામનગર), ઈમ્તિયાઝ ફિરોઝભાઇ અજમેરી (રહે. રાધાકૃષ્ણનગર ગોવિંદનગરનો છેડો), મનિષ હર્ષદભાઇ ડાંગર (રહે. રાધાકૃષ્ણનગર-૧૭), વસીમ ફિરોઝભાઇ શાહમદાર(રહે. બાબરીયા કોલોની મોરારી નગર-૭), હિમાલય ભરતભાઇ ગોરસીયા (રહે. નાડોદાનગર-૬) તથા ચાર સગીર સહિત નવ સામેલ હોવાની વિગતો મળી હતી.

આને આધારે તમામને શોધી કાઢી પાંચ બાઇક કબ્જે કરી અલગ અલગ ગુના દાખલ કરી કાયદાનું ભાન કરાવાયું છે. બધા મિત્રો કોઠારીયા રોડ હુડકો પાસે ખોડિયાર હોટલે ચા પાણી પીવા ભેગા થયા બાદ બાઇક પર સ્ટંટ કરતાં નીકળ્યા હતાં. સગીરોની પોલીસે ધરપકડ ન કરી નીયમ મુજબ તેમના વાલીઓને બોલાવી તેમને વાકેફ કર્યા હતાં.

---

પિસ્તાલીસ વર્ષીય મનિષભાઇએ બે મિત્રોને પોતાના નામે એકાદ કરોડની લોન લઇ દીધી હતીઃ પણ મિત્રોએ હપ્તા ભરવાનું બંધ કરી દીધુ હતું

# મિત્રોની દગાખોરી ભગવતીપરાના સલૂન સંચાલકને મોતના રસ્તે દોરી ગઇ!

## ઉઘરાણી વધી જતાં ટેન્શનમાં આવી જઇ પોતાની જ દૂકાનમાં ઝેર પી લીધુંઃ સારવારમાં મોતઃ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માંગણી

રાજકોટઃ દોસ્તીમાં અમુક દોસ્ત એવા હોય છે જે પોતાની દોસ્તી નિભાવવા પોતાનો જીવ ન્યોછાવર કરવા પણ તૈયાર રહેતાં હોય છે. પરંતુ અમુક દોસ્ત દોસ્ત મટીને ગદ્દાર બની જતાં હોય છે. આવી જ એક ઘટનામાં દોસ્તોએ આપેલી દગાખોરીને કારણે એક સલૂનના સંચાલકને મરવા માટે મજબૂર થવું પડ્યું છે. શહેરના ભગવતીપરા મેઇન રોડ પર ઝમઝમ બેકરી પાસે રહેતાં પિસ્તાલીસ વર્ષના મનિષભાઇ જેન્તભાઇ ભટ્ટી નામના આધેડે ઘર નજીક આવેલા પોતાના ઓમ સાઇ સલૂનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું મોત નિપજતાં પરિવારમાંઅરેરાટી વ્યાપી ગઇ હતી. દોસ્તોની દગાખોરી તેને મૃત્યુના રસ્તે દોરી ગઇ હતી.



વિગતો પર નજર કરીએ તો આપઘાત કરનારા મનિષભાઇએ પોતાના નામે મિત્રોને એકાદ કરોડથી વધુની લોનો ફાયનાન્સ પેઢી અને બીજા લોકો પાસેથી લઇ દીધી હતી. પરંતુ મિત્રો આ લોન ભરતાં ન હોઇ પોતાને હપ્તા ભરવા પડતાં હતાં. છેલ્લે પોતે હપ્તા ન ભરી શકતાં અને ઉઘરાણી વધી જતાં કંટાળીને આ પગલુ ભર્યાનું જણાવાયુ હતું. વધુ માહિતી અનુસાર મનિષભાઇને સંતાનમાં બે પુત્ર છે. પોતે ભગવતીપરા મેઇન રોડ પર માધવ પાન સામે સાઇ સલૂન નામે હેર કટીંગની દૂકાન ચલાવતાં હતાં. તેમના પુત્રએ કહ્યું હતુ કે પિતાના બે મિત્રોને સાબુની એજન્સી ચાલુ કરવા પૈસાની જરૂર હોઇ આ બંનેએ મારા પિતાના નામે લોન લેવાની વાત કરી હતી. મિત્રતાના નામે મારા પિતાએ ફાયનાન્સમાંથી ચાલીસ લાખની લોન અપાવી દીધી હતી. આ ઉપરાંત અન્ય પર્સલન લોન સહિત એકાદ કરોડનો લોન પોતાના નામે લઇ મિત્રોને મદદ કરી હતી.

પુત્રએ વધુમાં જણાવ્યું હતું કે શરૂઆતમાં મિત્રોએ લોનના અમુક હપ્તા ભર્યા હતાં. પરંતુ બાદમાં મિત્રો લોન ભરતાં ન હોઇ હપ્તા ચડી ગયા હતા.

પાંચેક વર્ષથી આ રીતે હપ્તા અને વ્યાજ ચડત થઇ ગયા હતાં. બીજી તરફ ઉઘરાણી પાસે થતી હોઇ તે કટાળી જતાં આ પગલુ ભરી લેવા મજબુર થયા હતાં. હાલ તે સદ્દભાવના હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે ડીડી લેવડાવ્યું હતું. જેમાં સુરેશ અને સંજયને ત્રીસ લાખ અને સિત્તેર લાખ લઇને તથા ફાયનાન્સમાંથી ચાલીસ લાખ લઇને આપ્યા હતાં. જવાબદારો સામે કાર્યવાહી કરવા મૃતકના પરિવારજનોએ માંગણી કરતાં બી-ડિવીઝન પોલીસ દ્વારા વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. ડાઇંગ ડિકલેરેશનમાં પણ મનિષભાઇએ બધાના નામ લખાવ્યા હતાં.

---

રાજકીય શૂન્યવકાશ, ડર-ભયનો માહોલ, તેની સામે નીડર બનો-લીડર બનો : શંકરસિંહ

# વડોદરામાં પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના કાર્યાલયનો પ્રારંભ

## પેટાપક્ષના સર્વેસર્વા અને પૂર્વ મંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કાર્યાલયનું થયું ઉદ્દઘાટન



રાજકોટ, તા.૧૮

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા દ્વારા નવા રાજકીય પક્ષ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની તાજેતરમાં રચના કરવામાં આવી છે. શનિવારે પાર્ટીના વડોદરા ખાતેના કાર્યાલયનું ઉદ્ઘાટન તેઓના હસ્તે કરાયું અસ્તું. મીડિયા સાથેની વાતમાં તેમણે કહ્યું કે, સકારાત્મક અભિગમ સાથે રાજકારણમાં જે કંઇ પરિણામો લાવવાના હોય, તે માટેનું આયોજન કાર્યાલયના માધ્યમથી કરાશે. લોકોના પ્રશ્નો, સરકારની ફરિયાદ પાર્ટીના માધ્યમથી જરૂર પડશે, ત્યાં રજુઆત કરીશું.

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા દ્વારા તાજેતરમાં પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની રચના કરવામાં આવી છે. જે બાદ એક પછી એક શહેરોમાં તેના કાર્યાલયો શરૂ કરવામાં આવી રહ્યા છે. વર્ષના અંતે પાલિકાની ચૂંટણી યોજાનાર છે. તે પહેલા આજે ગાંધીનગર બાદ વડોદરામાં પાર્ટીના કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ તકે તેમણે લોકોની કેવી રીતે મદદ કરવામાં આવનાર છે, તેનું ટુંકમાં વિવરણ આપ્યું હતું. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, ગાંધીનગરમાં પાર્ટી કાર્યાલયના ઉદ્ઘાટન બાદ વડોદરામાં ડો. રાઠોડના કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યો છું. મારી સાથે છોટા ઉદેપુરના રાજવી અગ્રણી પણ જોડાયા છે. પોલીટીકલ વેક્યૂમ, એટલેકે રાજકીય શૂન્યવકાશ, ડર-ભયનો માહોલ, તેની સામે નીડર બનો-લીડર બનો, સરકારમાં ના ગમતું હોય તેની સામે પડો. તેની વાત કરવા માટે આવ્યા છીએ. કોઇ નેગેટીવ, કોઇ પાર્ટીના વિરૂદ્ધ બોલવું, તેના માટે નહીં. સકારાત્મક અભિગમ સાથે રાજકારણમાં જે કંઇ પરિણામો લાવવાના હોય, તે માટેનું આયોજન કાર્યાલયના માધ્યમથી કરાશે. લોકોના પ્રશ્નો, સરકારની ફરિયાદ પાર્ટીના માધ્યમથી જરૂર પડશે, ત્યાં રજુઆત કરીશું. હાલમાં સરકાર જેવું કંઇ લાગતું નથી. આ સાથે વડોદરાના એરપોર્ટનું સયાજીરાવના નામથી નામકરણ કરવા માટેની પણ રજુઆત કરવામાં આવનાર હોવાનું તેમણે સંબોધનમાં કહ્યું હતું.

